નો ફેવર, નો ફિઅર...

# સામના મિરર

RNI title code no. GUJGUJ18053 RNI Reg. No. GUJGUJ/2023/85765 Daily Morning Newspaper


સામના મિરર
Dt.12/10/2024 SATURDAY 04
સુરેન્દ્રનગરના દસાડા અને જૂનાગઢના વિસાવદરમાં ૨ કલાકમાં અઢી ઈંચથી વધુ ધોધમાર
રાજ્યમાં અનેક જીલ્લામાં ધોધમાર વરસાદ ખાબક્યો, ખેડૂતો ચિંતિત

રાજ્યમાં અનેક જીલ્લામાં ધોધમાર વરસાદ ખાબક્યો, ખેડૂતો ચિંતિત

જુઓ પેજ નં.૩

માલિક/એડિટર : રાજેશ ઉદયકુમાર બગડાઈ | Date :14 OCTOBER 2024 | MONDAY | Page :8 | Year : 2 | Issue :167 | Price: 2/-

## અંકલેશ્વરમાં ગુજરાત અને દિલ્હી પોલીસનું સંયુક્ત ઓપરેશન

# 5000 કરોડનું ડ્રગ્સ ઝડપાયું

### અંકલેશ્વરમાં આવકાર ડ્રગ્સ લિમિટેડ કંપનીમાં સર્ચ દરમિયાન ૫૧૮ કિલો કોકેઈન જપ્તઃ દિલ્હી, યુપી, બિહાર સહિતના રાજ્યોમાં પહોંચાડતાં પહેલા જ પર્દાફાશ

અંકલેશ્વર.તા.૧૪

એશિયાની સૌથી મોટી ઔદ્યોગિક વસાહત અંકલેશ્વરમાંથી ફરી એકવાર ડ્રગ્સનો કાળો કારોબાર ઝડપાયો છે. ડ્રગ્સ સામે કેન્દ્ર સરકારની 'ઝીરો ટોલરન્સ' નીતિ અને 'ડ્રગ ફ્રી ઈન્ડિયા કેમ્પેઈન' હેઠળ, દિલ્હી પોલીસ અને ગુજરાત પોલીસે એક સંયુક્ત ઓપરેશન હાથ ધર્યું હતું. દિલ્હી પોલીસ અને ગુજરાત પોલીસના સ્પેશિયલ સેલે રવિવારે ગુજરાતના અંકલેશ્વરમાં આવકાર ડ્રગ્સ લિમિટેડ કંપનીમાં સર્ચ દરમિયાન ૫૧૮ કિલો કોકેઈન જપ્ત કર્યું હતું. આંતરરાષ્ટ્રીય બજારમાં તેની કિંમત લગભગ ૫,૦૦૦ કરોડ રૂપિયા છે.



આ અગાઉ પણ અંકલેશ્વરમાંથી અનેકવાર ડ્રગ્સ બનાવતી ફેક્ટરીઓ ઝડપાઈ ચૂકી છે. ત્યારે ફરી એકવાર અંકલેશ્વરમાંથી ડ્રગ્સનો મોટો જથ્થો ઝડપાયો છે. આ મામલે દિલ્હી અને ગુજરાત પોલીસ દ્વારા છેલ્લા ઘણા સમયથી ઓપરેશન ચાલી રહ્યું હોવાની માહિતી સૂત્રો પાસેથી પ્રાપ્ત થઈ રહી છે. આ પહેલાં ૧ ઓક્ટોબર, ૨૦૨૪ના રોજ દિલ્હીની સ્પેશિયલ સેલે મહિપાલપુરમાં તુષાર ગોયલ નામના વ્યક્તિના વેરહાઉસ પર દરોડા પાડ્યા હતા અને ૫૬૨ કિલો કોકેઈન અને ૪૦ કિલો હાઈડ્રોપોનિક ગાંજાના મોટા કન્સાઈનમેન્ટ જપ્ત કર્યા હતા. આ પછી, ૧૦ ઓક્ટોબર, ૨૦૨૪ના રોજ તપાસ દરમિયાન આ જ કેસમાં દિલ્હીના રમેશ નગરમાં એક દુકાનમાંથી લગભગ ૨૦૮ કિલો કોકેઈન મળી આવ્યું હતું.

દિલ્હી કેસમાં તપાસ દરમિયાન જાણવા મળ્યું હતું કે, આ તમામ માદક દ્રવ્ય ફાર્મા સોલ્યુશન સર્વિસ નામની કંપનીનું છે અને આ નશીલા પદાર્થ ગુજરાતના અંકલેશ્વર વિસ્તારની આવકાર ડ્રગ્સ લિમિટેડ કંપનીમાંથી આવ્યો હતો. તપાસ એજન્સીઓના જણાવ્યા અનુસાર, આ સમગ્ર કેસમાં અત્યાર સુધીમાં કુલ ૧૨૮૯ કિલો કોકેઈન અને ૪૦ કિલો હાઈડ્રોપોનિક થાઈ ગાંજો મળી આવ્યો છે, જેની કુલ કિંમત ૧૩૦૦૦ કરોડ રૂપિયા આંકવામાં આવી રહી છે.

હજારો કરોડના ડ્રગ્સની રિકવરી મામલે દિલ્હી પોલીસ અને ગુજરાત પોલીસ વચ્ચે સંયુક્ત ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું. પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર, આ નશીલા પદાર્થને દિવાળી ૨૦૨૪ અને નવા વર્ષ ૨૦૨૫માં દિલ્હી, યુપી, બિહાર, ગુજરાત, પંજાબ, મહારાષ્ટ્ર સહિતના વિવિધ રાજ્યોમાં પહોંચાડવાનો હતો. પરંતુ આ પહેલાં તપાસ એજન્સીઓએ આ ડ્રગ્સ રેકેટનો પર્દાફાશ કર્યો છે.

દોઢ વર્ષ પહેલાં પનોલીની ઈન્ફિનિટી રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ કંપનીમાંથી ડ્રગ્સ બનાવવાની કારસાનો ઘટસ્ફોટ થયો હતો. મુંબઇ (એન્ટી નાર્કોટિક્સ સેલ) ટીમે પનોલીની ઈન્ફિનિટી રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ કંપનીમાંથી ૧૦૨૬ કરોડની મત્તાનો કુલ ૫૧૩ કિલો ડ્રગ્સ જથ્થો જપ્ત કર્યો હતો. મુંબઈની ટીમ સાથે ભરૂચ એસઓજીની ટીમ પણ જોડાઇ હતી.

# સાબરમતી જેલમાંથી લોરેન્સ બિશ્નોઇ સંદેશા બહાર પહોંચાડતો હોવાની આશંકા

## લોરેન્સની પુછપરછ કરવા માટે મુંબઈ પોલીસની વિશેષ ટીમ અમદાવાદ આવશે

મુંબઈમાં બાબા સિદ્ધીકીની હત્યા કેસમાં લોરેન્સ બિશ્નોઇ ગેંગની સંડોવણી સામે આવતા મુંબઈ પોલીસની વિશેષ ટીમ સાબરમતી સેન્ટ્રલ જેલમાં કેદ લોરેન્સની પુછપરછ કરવા માટે અમદાવાદ આવશે. ગેંગસ્ટર બિશ્નોઇની પુછપરછ કરવા માટે કેન્દ્ર સરકારની વિશેષ પરવાનગી લેવાની રહે છે. બીજી તરફ લૌરેન્સ બિશ્નોઇ મોટી ઘટનાને અંજામ આપવા માટે તેના મેસેજ બહાર પહોંચતા કરવા માટે જેલના કેટલાંક મેસેન્જરનો ઉપયોગ



કરતો હોવાની શક્યતા તપાસ એજન્સી દ્વારા વ્યક્ત કરવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે થોડા સમય પહેલા લોરેન્સ બિશ્નોઈએ પાકિસ્તાનમાં કોલ થયાનું પણ સામે આવ્યું હતું. જો કે આ કેસની તપાસ કોઈ કારણસર આગળ વધી નહોતી.

મુંબઈમાં એનસીપીના નેતા બાબા સિદ્ધીકીની હત્યા મામલે ગેંગસ્ટર લોરેન્સ બિશ્નોઈની ગેંગનું નામ સામે આવતા મુંબઈ પોલીસ સાબરમતી જેલમાં બંધ લોરેન્સ બિશ્નોઈની પુછપરછ કરવામાં આવશે. લોરેન્સ બિશ્નોઇ હાલ સાબરમતી જેલના સૌથી સુરક્ષિત અંડા સેલમાં રાખવામાં આવ્યો છે. જ્યાં તેને કોઈ મળવા આવી શકતું નથી.

## બાબા સિદ્દિકીની હત્યા પર રાહુલ ગાંધીની પ્રતિક્રિયા

# મહારાષ્ટ્રમાં કાયદો વ્યવસ્થા સંપૂર્ણપણે ધ્વસ્તઃ રાહુલ ગાંધી

મુંબઈમાં શનિવાર મોડી રાતે એનસીપી નેતા અને મહારાષ્ટ્રના પૂર્વ મંત્રી બાબા સિદ્દિકીની ગોળી મારી હત્યા કરી દેવામાં આવી હતી. બાંદ્રા પૂર્વમાં તેના પર અનેક રાઉન્ડ ફાયરિંગ થયુ હતું. જેમાં બે ગોળી વાગી જતાં તાત્કાલિક લીલાવતી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા, પરંતુ ત્યાં તેમનું મોત નીપજ્યું હતું. આ ઘટના મુદ્દે વિપક્ષે સરકાર પર પ્રહારો અને આક્ષેપો કર્યા છે, રાજ્યમાં કાયદો અને વ્યવસ્થા પર સવાલો ઉઠાવ્યા છે.જો કે, મુખ્યમંત્રી એકનાથ શિંદેએ આ મામલે દોષિતોને આકરીથી આકરી સજા આપવાનું વચન આપ્યું છે.લોકસભામાં વિપક્ષ નેતા રાહુલ ગાંધીએ પણ આ ભયાવહ ઘટના અંગે કહ્યું કે, મહારાષ્ટ્રમાં કાયદો અને વ્યવસ્થા સંપૂર્ણપણે ધ્વસ્ત થઈ રહી છે. સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર લખ્યું હતું કે, બાબા સિદ્દિકીનું નિધન ચોંકાવનારૂં અને દુઃખદ છે. આ કપરાં સમયમાં મારી સંવેદનાઓ તેમના પરિવાર સાથે છે.



## તંત્રી લેખ
–રાજેશ યુ. બગડાઈ

# રૂપિયો ડિસેમ્બર સુધીમાં સુધરશે




ઓક્ટોબર મહિનામાં અત્યાર સુધી ડોલર સામે ૦.૩૨ ટકાના ઘટાડા સાથે રૂપિયો તુટીને ૮૪.૦૯ના તળિયે પટકાયા બાદ, વર્તમાન ક્વાર્ટરમાં નાણાપ્રવાહને કારણે રૂપિયો હવે સ્થિર થવાની ધારણા છે અને ડિસેમ્બરના અંત સુધીમાં તે લગભગ રૂ. ૮૪ પ્રતિ ડોલરના ભાવે ટ્રેડ કરે તેવી શક્યતા છે.

અર્થશાસ્ત્રીઓના મંતવ્ય મુજબ ભારતના કિસ્સામાં ઓછામાં ઓછા બોન્ડ અને રોકડ આધારિત પ્રવાહ ચાલુ રહેશે. આ અન્ય પરિબળોને સંતુલિત કરે છે અને ચાલુ ખાતું અમારી દ્રષ્ટિએ મોટાભાગે અનુકૂળ રહે છે.

ચાલુ ખાતું જીડીપીના ૧ ટકાથી ઓછું છે. અંદાજ જીડીપીના ૦.૮ ટકા સુધીનો છે. આવી સ્થિતિમાં, અમે માનીએ છીએ કે માળખાકીય દ્રષ્ટિકોણથી આ કારણો રૂપિયા માટે સકારાત્મક છે, તેમ છતાં ટૂંકા ગાળામાં કેટલાક પ્રતિકુળ પરિબળો છે.

રિઝર્વ બેંક દ્વારા સમયસર હસ્તક્ષેપ એ સુનિશ્ચિત કરે છે કે ચલણનું અવમૂલ્યન ધીમે ધીમે થાય છે. ભારતીય ચલણ શુક્રવારે ૮૪.૦૯ના તળિયે પહોંચી ગયું હતું, જે સ્તરને રિઝર્વ બેંક લગભગ બે મહિનાથી સુરક્ષિત કરી રહી છે.

ભૌગોલિક રાજકીય તણાવને કારણે રૂપિયામાં વધુ ઘટાડો થવાની સંભાવના છે. બ્રેન્ટ ક્રૂડ વધીને ૭૯.૧૮ ડોલર પ્રતિ બેરલ થઈ ગયું છે.

આ સતત બીજો સાપ્તાહિક વધારો છે. યુદ્ધ અને ઈરાનની તેલ સુવિધાઓ પર સંભવિત હુમલાને કારણે પુરવઠાના જોખમોથી આ તેજીને વેગ મળ્યો છે. બીજીતરફ, ચીનના ઉત્તેજક પગલાં અને શેરબજારોના વળતરને કારણે ભારતનો મૂડીપ્રવાહ દબાણ હેઠળ છે.

એવું લાગે છે કે બીજા અર્ધવાર્ષિક ગાળામાં બેલેન્સ ઓફ પેમેન્ટ સરપ્લસ વધશે. યુએસ ફેડરલ રિઝર્વ દ્વારા દરમાં ઘટાડો મૂડી પ્રવાહ, એફડીઆઈને વેગ આપશે. અત્યારે પશ્ચિમ એશિયામાં ભૌગોલિક રાજકીય જોખમોને કારણે દબાણ છે. રિઝર્વ બેંકનો હસ્તક્ષેપ પણ મદદ કરી રહ્યો છે. આપણી પાસે પર્યાપ્ત કરતાં વધુ વિદેશી મુદ્રા ભંડાર છે. ભારતમાં રેટ કટ સાઈકલ યુએસ કરતા ધીમી રહેશે કારણ કે આપણો વિકાસ તુલનાત્મક રીતે મજબૂત છે.

આમ છતાં બજારનો એક વર્ગ માને છે કે વર્તમાન ક્વાર્ટરમાં સ્થાનિક ચલણ વધુ ઘટીને રૂ. ૮૪.૨૫ પ્રતિ ડોલર થઈ શકે છે કારણ કે આયાતકારો તરફથી ડોલરની મજબૂત માંગને કારણે રૂપિયો નબળો પડી શકે છે.

ફોરેન એક્સચેન્જ રિઝર્વ પણ હાલમાં ૭૦૦ બિલિયન ડોલરની ઉપરના રેકોર્ડ સ્તરે છે. જે વધઘટના કિસ્સામાં બફર તરીકે પણ કામ કરે છે.

મુંબઈ કરન્સી બજારમાં આજે રૂપિયા સામે ડોલરના ભાવ ઝડપી ઉછળી રૂ.૮૪ની સપાટી કુદાવી નવી ઉંચી ટોચે પહોંચતા દશેરા પૂર્વે રૂપિયો ઝડપી ગબડી નવા તળિયે ઉતરી ગયાના નિર્દેશો હતા. રૂપિયો તૂટતાં તથા ડોલરના ભાવ ઉછળતાં દેશમાં આયાત થતી વિવિધ ચીજોની ઈમ્પોર્ટ કોસ્ટ વધી જતાં દિવાળી પૂર્વે દેશમાં મોંઘવારી વધુ વધી જવાની ભીતિ બજારના જાણકારો આજે બતાવી રહ્યા હતા. ડોલરના ભાવ રૂ.૮૩.૯૮ વાળા આજે સવારે રૂ.૮૩.૯૬ ખિલ્યા પછી ઉંચામાં ભાવ ઉછળી રૂ.૮૪.૦૯ સુધી પહોંચી છેલ્લે બંધ ભાવ રૂ.૮૪.૦૭ રહ્યા હતા. શેરબજારમાં પીછેહટની અસર આજે રૂપિયા પર જોવા મળી હતી.

દરમિયાન, કરન્સી બજારમાં ચર્ચાતી વાતો મુજબ દેશના શેરબજારો તથા બોન્ડ બજારોમાંથી ડોલરનો આઉટ ફ્લો વધ્યો છે અને તેના પગલાં રૂપિયા સામે ડોલરના ભાવ ઉછળતા જોવા મળ્યા છે. આ મહિને શેરબજારમાંથી આશરે ૫.૭૦ અબજ ડોલરનો આઉટફ્લો જોવા મળ્યો છે. જ્યારે બોન્ડ બજારમાંથી ૧૨૫ મિલિયન ડોલરનો આઉટફ્લો થયાની ચર્ચા સંભળાઈ હતી.

# મા ભારતીની સેવા માટેનું સંઘનું સમર્પણ તમામ માટે પ્રેરણાદાયકઃ મોદી

નવી દિલ્હીઃ રાષ્ટ્રીય સ્વયમ સેવક સંઘ (આરએસએસ)ની સ્થાપનાને ૯૯ વર્ષ પૂર્ણ થયા છે અને ૧૦૦માં વર્ષમાં પ્રવેશ કર્યો છે. જેને પગલે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આરએસએસના વખાણ કર્યા હતા. સંઘના વડા મોહન ભાગવતના દશેરાના સંબોધનની લિંક સોશિયલ મીડિયા પર પોસ્ટ કરીને મોદીએ કહ્યું હતું કે સંઘ દેશની સેવા માટે સમર્પિત છે. મા ભારતી પ્રત્યેના આ સમર્પણથી તમામ પેઢીને પ્રેરણા મળે છે.

મોદીએ વધુમાં કહ્યું હતું કે સંઘના આ સમર્પણથી પ્રેરણા લઈને તમામ પેઢી વિકસિત ભારતના લક્ષ્યમાં એક નવી ઉર્જા આપે છે. રાષ્ટ્રીય સ્વયમ સેવક સંઘની ૧૯૨૫માં સ્થાપના કરવામાં આવી હતી. નરેન્દ્ર મોદી ભાજપમાં જોડાયા તે પહેલા સંઘમાં કાર્યકર્તા રહી ચુક્યા છે. કેન્દ્ર સરકારમાં અનેક મંત્રીઓ અને ભાજપના નેતાઓ પણ સંઘમાં રહી ચુક્યા છે. એવામાં સંઘ ૧૦૦ વર્ષમાં પ્રવેશ્યું છે ત્યારે મોદી ઉપરાંત ભાજપના અન્ય નેતાઓએ પણ આ સંસ્થાના વખાણ કર્યા હતા.

# હિન્દુઓ નબળા રહે તે અપરાધ, બળવાનની જ પુજા થાય છે : ભાગવત



નાગપુર રાષ્ટ્રીય સ્વયમ સેવક સંઘે ૧૦૦માં વર્ષમાં પ્રવેશ કર્યો છે ત્યારે સંઘવડા મોહન ભાગવતે દશેરાની ઉજવણીના ભાગરૂપે નાગપુરમાં શસ્ત્ર પુજન કર્યું હતું. આ દરમિયાન ત્યાં હાજર સંઘના કાર્યકર્તાઓને સંબોધ્યા હતા. ભાગવતે પોતાના સંબોધનમાં બાંગ્લાદેશ તેમજ અન્ય દેશોમાં હિન્દુઓ પર હુમલાની ઘટનાઓને ધ્યાનમાં રાખીને હિન્દુઓને શક્તિશાળી બનવા આહવાન કર્યું હતું. તેમણે કહ્યું હતું કે નબળા રહેવુ તે એક ગુનો છે. પ્રથમ વખત હિન્દુઓ પોતાના રક્ષણ માટે બાંગ્લાદેશના રોડ પર ઉતર્યા હતા.

બાંગ્લાદેશ અને અન્ય દેશોમાં હિન્દુઓ પર થતા અત્યાચારોને રોકવા માટે મોહન ભાગવતે કેન્દ્ર સરકારને પણ ધ્યાન આપવા માટે કહ્યું હતું. સંઘ વડાએ મોબાઈલના વધી રહેલા ઉપયોગથી લઈને યુદ્ધ તેમજ પાકિસ્તાન સહિતના મુદ્દે પોતાના વિચારો રજુ કર્યા હતા. તેમણે કહ્યું હતું કે મનુષ્યનું ભૌતિક જીવન અગાઉ કરતા વધુ સુખદ છે.

# પાક સરહદે રાજસ્થાન અને પંજાબમાં ૨૨૮૦ કિમી લાંબા નવા રસ્તા બનશે

ચીનને અડીને આવેલા ઈસ્ટર્ન ફ્રન્ટ પર ઈન્ફ્રાસ્ટ્રક્ચર મજબૂત કરવાની તૈયારીઓ વચ્ચે મોદી સરકાર વેસ્ટર્ન ફ્રન્ટને મજબૂત કરી રહી છે. પાકિસ્તાનને અડીને આવેલી સરહદે તારની વાડ પાસે અને તેને જોડવા માટે લિન્ક રોડની જાળ પાથરશે. રાજસ્થાન અને પંજાબને સ્પર્શતા સરહદી વિસ્તારોમાં ૨૨૮૦ કિમી લાંબા રસ્તા બનાવવા માટે ૪,૪૦૬ કરોડ રૂપિયાનો ખર્ચ થશે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના વડપણ હેઠળ મળેલી કેન્દ્રીય મંત્રીમંડળની બેઠકમાં આને મંજૂરી અપાઈ છે. રસ્તા બનાવવામાં કેન્દ્રીય કોલ નિર્માણ વિભાગ (સીપીડબલ્યુડી)એ ૨૦૨૧માં આ પ્રોજેક્ટ તૈયાર કર્યો હતો. ત્યાર પછી ગૃહ મંત્રાલયે તેને મંજૂરી આપી હતી. ફંડ માટે લાંબા સમયથી કેબિનેટની મંજૂરીની રાહ જોવાઈ રહી હતી. આ પ્રોજેક્ટ શરૂ થયા પછી બોર્ડર સુધી સેના ૪૮ કલાક કરતાં પણ ઓછા સમયમાં પહોંચી જશે.પાકિસ્તાનમાં ચીનના ઈકોનોમી પ્રોજેક્ટ સીપેકના જવાબમાં ભારતે વેસ્ટર્ન ફ્રન્ટ એટલે કે પશ્ચિમ સરહદે થ્રી-લેયર રોડ બનાવાશે. ભારતમાલા પ્રોજેક્ટ હેઠળ બોર્ડરથી ૪૦થી ૫૦ કિમી દૂર ૧,૪૯૧ કિમી લાંબો ટૂ લેન રોડ અને અમૃતસર-જામનગર ૧,૨૫૪ કિમી લાંબો ઈકોનોમી એક્સપ્રેસ-વેનું નિર્માણ લગભગ પૂરું થઈ ગયું છે. માળખાકીય સુવિધાઓ ઉપરાંત વ્યૂહાત્મક દૃષ્ટિએ પણ તેનું મહત્ત્વ વધારે છે.

અત્યારે તારની વાડ પાસે કાચો રસ્તો છે. તેને પાકો બનાવાશે. આથી ભારે વાહનોની હેરફેર કરવા સાથે બોર્ડર પર પેટ્રોલિંગ કરવામાં પણ સરળતા રહેશે. સીપીડબ્લ્યુડીએ રાજસ્થાન અને પંજાબમાં અંદાજે ૨ હજાર કિમીનો રસ્તો બનાવવાની યોજના તૈયાર કરી છે. તારની વાડના આધારે બંને રાજ્યમાં ૧,૫૯૦ કિમી લાંબો રસ્તો બનાવાશે. તેમાં રાજસ્થાન પાસેની બોર્ડર પર ૧,૦૩૭ કિમી અને પંજાબ પાસેની સરહદે ૫૫૩ કિમી લાંબો સિંગલ લેન રોડ બનાવાશે.

ગુજરાત સરકારે પહેલેથી જ રાજ્ય પાસેની સરહદે ૨૦૦ કિલોમીટરથી લાંબો રસ્તો બનાવ્યો છે. ગુજરાતને અડીને આવેલી ૫૦૮ કિમી લાંબી સરહદમાંથી ૨૬૨ કિમી સરહદ તો કાદવવાળી છે. જ્યારે બોર્ડર પાસે અંદાજે ૨૦૦ કિમી રસ્તાનું નિર્માણ નરેન્દ્ર મોદીના ગુજરાતના મુખ્યમંત્રીકાળમાં જ કરાયું હતું.

# ગુજરાતમાં ૪,૪૮૮ શિક્ષકોને રૂ.૬૪ લાખનો દંડ

## બોર્ડના પેપરમાં માર્ક્સની ખોટી ગણતરી કરી હતી, એક ભૂલ બદલ ૧૦૦ રૂપિયાનો દંડઃ શિક્ષકો માર્કિંગ પ્રક્રિયામાં સતર્ક રહે તેની ખાતરી કરવા માટે દંડ

ગુજરાત રાજ્ય શિક્ષણ બોર્ડના વિદ્યાર્થી માટે દરેક માર્ક્સ મહત્વના હોય છે. પરંતુ ગુજરાત બોર્ડની પરીક્ષામાં ગણિતના શિક્ષકો દ્વારા જ માર્કસની ખોટી ગણતરી કરવામાં આવી હતી. જેને લઈ શિક્ષણ વિભાગ દ્વારા શિક્ષકો પાસેથી દંડ વસૂલવામાં આવ્યો હતો. ધો. ૧૦ ગુજરાત બોર્ડની પરીક્ષામાં એક વિદ્યાર્થીને ગણિતમાં ધાર્યા કરતાં ઓછા માર્ક્સ આવ્યા હતા, વિદ્યાર્થી પરીક્ષામાં નાપાસ થયો હતો. જેથી તેણે પેપર રિએસેસમેન્ટ માટે અરજી કરી હતી, જેમાં તેના 30 માર્ક્સ વધ્યા હતા. જોકે, અનેક વિદ્યાર્થીઓએ બોર્ડમાં આ બાબતે ફરિયાદ કરી હતી, આ ફરિયાદ બાદ શિક્ષણ વિભાગે માર્ક્સની ગણતરીમાં ભૂલ કરનારા અને ખોટા માર્ક્સ



આપનારા ૪,૪૮૮ શિક્ષકોને દંડ ફટકાર્યો છે. ભૂલ કરનારા શિક્ષકોમાં ૧૦૦થી વધુ શિક્ષકો એવા છે જેમણે ૧૦ કે તેથી વધુ માર્કસની ભૂલો કરી હતી, અને આમાં મોટાભાગના ગણિતના શિક્ષકો હતા.ગુજરાત રાજ્ય શિક્ષણ બોર્ડ () દ્વારા આ મામલે મોટા એક્શન લેવાયા છે. બોર્ડે કુલ ૪,૪૮૮ શિક્ષકોને ધોરણ ૧૦ અને ધોરણ ૧૨ની બોર્ડ પરીક્ષામાં માર્ક્સ આપવામાં ભૂલ કરવા બદલ દંડ ફટકારવામાં આવ્યો છે. શિક્ષણ વિભાગના અધિકારીઓના જણાવ્યા અનુસાર, આ ભૂલોના કારણે ૪,૪૮૮ શિક્ષકોને ૬૪ લાખ રૂપિયાનો દંડ ભરવો પડશે. જે શિક્ષકોથી ભૂલ થઈ હતી તેઓ ખુદ ગણિત ભણાવે છે, જે ચિંતાનો વિષય છે. ભૂલ કરનારા શિક્ષકોમાં ૧૦૦થી વધુ શિક્ષકો એવા છે જેમણે ૧૦ કે તેથી વધુ માર્ક્સની ભૂલો કરી હતી. ઉચ્ચ અભ્યાસનો આધાર બનનારી પરીક્ષાના પેપરના માર્ક્સ અંગે થયેલી ભૂલને લઈને ઘણા વિદ્યાર્થીઓએ ફરિયાદ કરી હતી. જ્યારે

વાઈસ ચેરમેન દિનેશ પટેલે જણાવ્યું હતું કે, 'આ દંડ એ સુનિશ્ચિત કરવા માટે વસૂલવામાં આવે છે કે શિક્ષકો માર્કિંગ પ્રક્રિયામાં સતર્ક રહે. શિક્ષકો માર્કિંગ પ્રક્રિયામાં સતર્ક રહે તેની ખાતરી કરવા માટે દંડ વસૂલવામાં આવે છે. આ વર્ષે, ગુજરાતમાં અંદાજે ૪૦,૦૦૦ થી ૪૫,૦૦૦ શિક્ષકો ધોરણ ૧૦ની ઉત્તરવહીઓનું ગ્રેડિંગ કરવામાં સામેલ હતા.'

ગુજરાત હાયર સેકન્ડરી ટીચર્સ એસોસિયેશનના પ્રમુખ ભરત પટેલે જણાવ્યું હતું કે, '૩૦ માર્ક્સની આ ભૂલ ગણિતના શિક્ષકના કારણે થઈ હતી, જેઓ એક માર્કસ પણ વધારે આપતા નથી. જ્યારે વિદ્યાર્થી વિષયમાં નાપાસ થયો અને પુનઃમૂલ્યાંકન માટે અરજી કરી ત્યારે આ ભૂલ પકડાઈ હતી. એક માર્કની દરેક ભૂલ બદલ શિક્ષકોને ૧૦૦ રૂપિયાનો દંડ ફટકારવામાં આવ્યો છે. કુલ મળીને ધોરણ-૧૦ના પેપર ચેકર્સ તરીકે કામ કરનારા ૧,૬૫૪ શિક્ષકોને ભૂલો બદલ સામૂહિક રીતે રૂ.૨૦ લાખનો દંડ ફટકારવામાં આવ્યો છે. ધોરણ ૧૨ના સામાન્ય પ્રવાહના પેપર તપાસવામાં ભૂલ કરનારા ૧૪૦૪ શિક્ષકો પાસેથી ૨૪.૩૧ લાખ અને ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહના વિજ્ઞાન વિષયમાં ભૂલ કરનારા ૧,૪૩૦ શિક્ષકો પાસેથી ૧૯.૬૬ લાખ રૂપિયા વસૂલ કરવામાં આવ્યા હતા. શિક્ષકો પર દંડ લગાવ્યા બાદ ગણિત અને વિજ્ઞાનના પેપરમાં મળેલા માર્ક્સનું રિએસેસમેન્ટ કરાવનારા વિદ્યાર્થીઓની સંખ્યામાં વધારો થયો હતો.'

# નવરાત્રિમાં અકસ્માતના રોજના ૪૫૦૦ કેસ નોંધાયા

## હૃદયની સમસ્યાના કુલ ૨૩૬૨ જ્યારે શ્વાસની સમસ્યાના ૩૯૮ કેસ નોંધાયા

રાજકોટ.તા.૧૪

સામાન્ય દિવસોની સરખામણીએ નવરાત્રિમાં વાહન અકસ્માતી ઈજાના કેસમાં ૧૮ ટકાનો વધારો થયો છે.

રાજ્યમાં નવરાત્રિ દરમિયાન વાહન અકસ્માતથી ઈજાના કુલ ૪૪૮૯ એટલે કે મા રોજના સરેરાશ ૫૦૦ ઈમરજન્સી કેસ નોંધાયા છે. જેની સરખામણીએ સામાન્ય દિવસોમાં વાહન અકસ્માતથી ઈજાના રોજના સરેરાશ ૪૨૩ કેસ નોંધાતા હોય છે. આમ, સામાન્ય દિવસોની સરખામણીએ નવરાત્રિમાં વાહન અકસ્માતી ઈજાના કેસમાં ૧૮ ટકાનો વધારો થયો છે.

ઈમરજન્સી સેવા ૧૦૮ પાસેથી પ્રાપ્ત માહિતી અનુસાર રાહતની વાત એ છે કે, નવરાત્રિ દરમિયાન વાહન અકસ્માત સિવાય ઈમરજન્સીના કેસમાં ઘટાડો જોવા મળ્યો છે. સામાન્ય દિવસોમાં હૃદયની ઈમરજન્સીના રોજના સરેરાશ ૨૭૪ કેસ નોંધાતા હોય છે, જેની સરખામણીએ નવરાત્રિમાં




સરેરાશ ૨૬૨ કેસ નોંધાયા હતા. આ જ રીતે શ્વાસની ઈમરજન્સીના નવરાત્રિમાં કુલ ૩૫૭૮ સાથે રોજના સરેરાશ ૩૯૮ કેસ સામે આવ્યા હતા. નવરાત્રિ દરમિયાન ગુજરાતમાં ગરબા સ્થળે કુલ બાવન મહિલાઓની છેડતી સહિતના કેસો ૧૮૧ વુમન હેલ્પલાઈ નમાં નોંધાયા હતા. જેમાં સૌથી વધુ ૨૩ કેસ અમદાવાદમાં થયા હોવાનું બહાર આવ્યું હતું. ગુજરાતના આ કેસોમાં ૨૪ કેસમાં તો મહિલાઓના રેસ્ક્યુ માટે અભયમની વાન મોકલવાની ફરજ પડી હતી. ગુજરાતમાં છેડતીના ૧૬, ખરાબ નજરે જોવાના ૧૩ જેટલા કોલ આવ્યા હતા. જેમાં પોલીસને સાથે રાખીને તાત્કાલિક પગલા લેવાયા હતા.મા શક્તિની આરાધના અને પૂજાના પાવન પર્વે પણ મહિલાઓની છેડતી, બળાત્કાર, હેરાનગતિ સહિતાના કેસમાં ઘટાડો નોંધાયો નથી. વડોદરા, સુરતના રેપ કેસે ગુજરાતની મહિલાઓની સલામતી અંગે અનેક પ્રશ્નો સર્જી દીધા છે. ત્યારે ગરબા સ્થળ પર મહિલાઓની થતી પજવણી એટલી હદ વટાઈ ગઈ હતી કે આખરે ડરના માર્યા મહિલાઓએ ઈજ્જત બચાવવા માટે મહિલા હેલ્પલાઈનની મદદ લેવી પડી હતી.

આ અંગે હેલ્પલાઈનના અધિકારીના જણાવ્યા મુજબ અમદાવાદમાં નવરાત્રિ દરમિયાન યોજાતા પાર્ટીપ્લોટ અને ફ્લેટ કે સોસાયટીના ગરબા દરમિયાન અપશબ્દો બોલવા, ખરાબ નજરે જોવું, હેરાન કરવું, પીછો કરવા અંગે પાંચ મહિલાઓએ કોલ કરીને મદદ માંગી હતી. શારીરિક છેડતી અંગેના પણ પાંચ કોલ આવ્યા હતા.

# ટ્રાફિક પોલીસ પર લગામ! ફરજિયાત કેમેરો પહેરવો પડશે

## સ્પેશિયલ મોનિટરિંગ સ્ક્વૉડ રાખશે નજર



અમદાવાદમાં દિનપ્રતિદિન ટ્રાફિકની સમસ્યામાં વધારો થઈ રહ્યો છે. જેને લઈને હાઈકોર્ટે પણ ઘણીવાર ટ્રાફિક પોલીસને ફટકાર લગાવી છે. તેમ છતાં સમસ્યાનો કોઈ ઉકેલ દેખાતો નથી. ઘણીવાર તો એવું પણ જોવા મળે છે કે, ટીઆરબી જવાનો ચાર રસ્તા પર સિગ્નલ પર ઉભા તો હોય છે, પણ પોતાના ફોનમાં જ પડ્યા હોય છે. જેને લઈને હવે ટ્રાફિક પોલીસે કડક પગલાં લીધાં છે. ટીઆરબી જવાનો અને પોલીસ ટ્રાફિકના નિયમનું પાલન કરાવે છે કે નહીં તેની નજર રાખવા માટે ટ્રાફિક જેસીપી એન.એન.ચૌધરીએ સ્પેશિયલ મોનિટરિંગ સ્ક્વોડની રચના કરી છે. આ ટીમ દ્વારા જે પણ ટ્રાફિક પોલીસ કે ટીઆરબી જવાન ફરજ પર હશે તેમને ફરજિયાત બોડીવોર્ન કેમેરા પહેરાવશે. જેનું મોનિટરિંગ કંટ્રોલ રૂમમાં હાજર મોનિટરિંગ સ્ક્વોડ દ્વારા જ કરવામાં આવશે. જો કોઈ ટ્રાફિક પોલીસ ફરજ દરમિયાન કોઈપણ પ્રકારની ગફલત કરતા પકડાશે તો તેની સામે કડક કાર્યવાહી કરવામાં આવશે.

જેસીપી તથા ડીસીપી દ્વારા સ્પેશિયલ મોનિટરિંગ સ્ક્વોડની રચના સાથે ફરજ દરમિયાન યુનિફોર્મ નવ પહેરવા તેમજ દંડ તેમજ શિક્ષાત્મક કાર્યવાહી કરવા પર પણ ચર્ચા કરવામાં આવી હતી. જેમાં ફરજ દરમિયાન મોબાઈલ ફોન વાપરવો, ટોળા વળીને ઉભા રહેવું, રસ્તાની બાજુમાં રીક્ષા કે બાઈક પર બેસી રહેવું જેવી હરકતોનો સમાવેશ કરવામાં આવ્યો છે. જો કોઈપણ ટીઆરબી જવાન કે ટ્રાફિક પોલીસ આ પ્રકારની ઘટના કરતા જણાશે તો તેની સામે કડક કાયદાકીય કાર્યવાહી કરવામાં આવશે.

## સુરેન્દ્રનગરના દસાડા અને જૂનાગઢના વિસાવદરમાં ૨ કલાકમાં અઢી ઈંચથી વધુ ધોધમાર

# રાજ્યમાં અનેક જીલ્લામાં ધોધમાર વરસાદ ખાબક્યો, ખેડૂતો ચિંતિત



રાજકોટ.તા.૧૪

લક્ષદ્વીપ નજીક અરબી સમુદ્રમાં સર્જાયેલી સિસ્ટમના કારણે ગુજરાતના અલગ-અલગ ભાગોમાં હવામાન વિભાગ દ્વારા ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. જેના પગલે છેલ્લા કેટલાક દિવસથી કેટલાક ભાગોમાં વરસાદી માહોલ જામ્યો છે. આજે પણ આખા દિવસ દરમિયાન રાજ્યના ૮૭ તાલુકામાં નોંધપાત્ર વરસાદ વરસ્યો છે.

ગાંધીનગર સ્થિત સ્ટેટ ઈમરજન્સી ઑપરેશન સેન્ટર દ્વારા જારી કરવામાં આવેલા આંકડા અનુસાર, આજના દિવસે અત્યાર સુધીમાં સૌથી વધુ ૭૫ મિ.મી (૨.૯૫ ઈંચ) વરસાદ સુરેન્દ્રનગર જિલ્લાના દસાડામાં નોંધાયો છે. જે બાદ જૂનાગઢના વિસાવદરમાં ૬૪ મિ.મી (૨.૮૭ ઈંચ) વરસાદ પડ્યો છે. ખાસ વાત એ છે કે છેલ્લા ૨ કલાકમાં જ આ બન્ને તાલુકામાં આટલો વરસાદ ખાબક્યો છે.

ગુજરાતથી શરૂ થતી વિકાસની કોઈપણ પહેલ સમગ્ર દેશ માટે પ્રેરણારૂપ બને છે રાજસ્થાન  ભજનલાલ શર્મા

આ સિવાય કચ્છના ભુજમાં ૬૫ મિ.મી (૨.૫૬ ઈંચ), નર્મદાના ડેડિયાપાડામાં ૫૯ મિ.મી (૨.૩૨ ઈંચ),છોટા ઉદેપુરના બોડેલીમાં ૫૯ મિ.મી (૨.૩૨ ઈંચ),ભરુચના ઝઘડિયામાં ૫૫ મિ.મી (૨.૧૭ ઈંચ),ડાંગના વઘઈમાં ૫૫ મિ.મી (૨.૧૭ ઈંચ), અમરેલીમાં ૪૨ મિ.મી (૧.૬૫ ઈંચ), વડોદરાના કરજણમાં ૪૧ મિ.મી (૧.૬૧ ઈંચ), પંચમહાલના જાંબુઘોડામાં ૩૯ મિ.મી (૧.૫૪ ઈંચ), વડોદરાના ડભોઈમાં ૩૯ મિ.મી (૧.૫૪ ઈંચ) વરસાદ વરસ્યો છે.

સાંજે ૬ થી ૮ વાગ્યા સુધીના ૨ કલાકના સમયગાળા દરમિયાન રાજ્યના ૪૫ તાલુકામાં નોંધપાત્ર વરસાદ વરસ્યો છે. આજે આખા દિવસ દરમિયાન ૨૨ તાલુકામાં ૧ ઈંચથી વધુ, ૭ તાલુકામાં ૨ ઈંચથી વધુ વરસાદ વરસ્યો છે. એક તરફ વરસાદના કારણે વાતાવરણમાં ઠંડક પ્રસરી જતાં લોકો ઉકળાટમાં રાહત અનુભવી રહ્યા છે, તો બીજી તરફ મગફળી સહિતના પાકમાં ખેડૂતોને નુક્સાનની ભીતિ સેવાઈ રહી છે.

આજે દ્વારકા જિલ્લાના વાતાવરણમાં પણ બપોર બાદ પલટો આવ્યો હતો. ખંભાળિયા શહેરમાં સવા ઈંચ ધોધમાર વરસાદ વરસ્યો છે. આ સિવાય વિજલપર, ભાડથર, ભટગામ, માંઝા, શક્તિનગર, ધરમપુર અને રામનગર સહિતના ગ્રામ્ય પંથકમાં ધોધમાર વરસાદથી વાતાવરણમાં ઠંડક પ્રસરી જવા પામી છે.

ગુજરાતમાંથી ચોમાસાની વિદાય થઈ ચૂકી છે, પરંતુ અરબી સમુદ્રમાં લક્ષદ્વિપ નજીક સર્જાયેલી સિસ્ટમના કારણે મેઘરાજા ગુજરાતને ઘમરોળી રહ્યા છે. હવામાન વિભાગ દ્વારા સૌરાષ્ટ્ર, કચ્છ અને દક્ષિણ ગુજરાતના ભાગોમાં ભારે તો રાજ્યના અન્ય ભાગોમાં હળવા વરસાદી ઝાપટાની આગાહી કરવામાં આવી છે. જેના પગલે આજે વહેલી સવારથી રાજ્યના ૬૯ તાલુકામાં વરસાદી માહોલ જોવા મળ્યો હતો.

જો કચ્છની વાત કરીએ તો જિલ્લામાં કાળઝાળ ગરમી બાદ છેલ્લા બે દિવસથી વાદળછાયું વાતાવરણ સર્જાતા બફારામાંથી લોકોને આંશિક રાહત મળી છે. એવામાં આજે દિવસભર વાદળછાયું વાતાવરણ રહ્યા બાદ સાંજે ચાર વાગ્યાની આસપાસ આકાશ કાળાડિંબાંગ વાદળોથી ઘેરાઈ ગયું હતુ. જે બાદ બે કલાકમાં ગાજવીજ સાથે ૫૭ મિ.મી (૨.૨૪ ઈંચ) વરસાદ ખાબક્યો હતો. જ્યારે જિલ્લાના નખત્રાણામાં પણ બે કલાકમાં ૨૧ મિમી વરસાદ વરસ્યો હતો. વરસાદના પગલે ખેડૂતોને મગફળીના પાકમાં નુકસાનની ભીતિ સેવાઈ રહી છે.

અન્ય જિલ્લાઓમાં વરસાદની વિગતો જોઈએ તો, છોટા ઉદેપુર જિલ્લાના બોડેલીમાં ૫૫ મિ.મી (૨.૧૭ ઈંચ), ભરૂચના ઝઘડિયામાં ૫૫ મિ.મી. (૨.૧૭ ઈંચ), ડાંગના વઘઈમાં ૫૩ મિ.મી (૨.૦૯ ઈંચ), નર્મદાના ડેડિયાપાડામાં ૫૩ મિ.મી (૨.૦૯ ઈંચ), અમરેલીમાં ૪૨ મિ.મી (૧.૬૫ ઈંચ), વડોદરાના ડભોઈમાં ૩૯ મિ.મી (૧.૫૪ ઈંચ) વરસાદ નોંધાયો છે. આજે સાંજે ૪ થી ૬ વાગ્યાના સમયગાળા દરમિયાન ૪૬ તાલુકામાં નોંધપાત્ર વરસાદ વરસ્યો છે.

## રાજ્યમાં ફરી વરસાદી માહોલ, આવતીકાલે જૂનાગઢ, સુરત, અમરેલી, મહીસાગર સહિતના જિલ્લાઓમાં ભારે વરસાદની શક્યતા

છેલ્લા ત્રણ દિવસથી ગુજરાતમાં ફરી વરસાદી માહોલ છવાયો છે. ગઈકાલે પણ રાજ્યના અમુક ભાગોમાં હળવોથી મધ્યમ વરસાદ વરસ્યો હતો અને આજે પણ સુરત, દ્વારકા સહિત રાજ્યમાં છૂટો છવાયો વરસાદ વરસ્યો છે. ત્યારે હવામાન વિભાગ દ્વારા આગામી પાંચ દિવસની વરસાદ અંગેની આગાહી કરી છે. જે અનુસાર, આવતીકાલે જૂનાગઢ, સુરત, અમરેલી, મહીસાગર, પંચમહાલ સહિતના જિલ્લાઓમાં ભારે વરસાદની શક્યતા છે. જ્યારે અમદાવાદ, વડોદરામાં હળવોથી મધ્યમ વરસાદ થઈ શકે છે. હવામાન વિભાગ અનુસાર, ૧૪ ઓક્ટોબરના રોજ જૂનાગઢ, અમરેલી, ભાવનગર, ગીર સોમનાથ, મહીસાગર, પંચમહાલ, દાહોદ, સુરત, તાપી, નવસારી, ડાંગ, વલસાડમાં ભારે વરસાદની શક્યતા છે. મોરબી, સુરેન્દ્રનગર, દેવભૂમિ દ્વારકા, રાજકોટ, બોટાદ, પોરબંદર, વડોદરા, છોટા ઉદેપુર, ભરૂચ, નર્મદા, આણંદ, ખેડા, અરવલ્લી, અમદાવાદ, ગાંધીનગર, સાબરકાંઠા, મહેસાણા, બનાસકાંઠા, પાટણ, કચ્છમાં હળવોથી મધ્યમ વરસાદ થઈ શકે છે.

# રાજ્યમાં ૧૩ માર્ગોની સુધારણા કરવામાં પ્લાસ્ટિક વેસ્ટનો ઉપયોગ કરાશે

## માર્ગોની મજબૂતી વધારવા સાથોસાથ રોડની લાઈફ સાયકલમાં પણ વૃદ્ધિ થશે



રાજકોટ.તા.૧૪

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યમાં રસ્તાઓના બાંધકામમાં પ્લાસ્ટિક વેસ્ટનો ઉપયોગ કરી ટકાઉ માર્ગોના નિર્માણ સાથે પર્યાવરણ સુધારણા અંગે મહત્વપૂર્ણ નિર્ણય કર્યો છે. આ હેતુસર મુખ્યમંત્રીએ ૧૩ રસ્તાઓની કુલ ૧૦૪.૯૬ કિ.મી. લંબાઈની માર્ગ સુધારણા માટે રૂ. ૧૧૨.૫૦ કરોડ ફાળવ્યા છે.

ભારે ટ્રાફિક ધરાવતા તેમજ ચોમાસા દરમિયાન ઓવરટોપીંગ થતા હોય તેવા કુલ ૨૦ રસ્તાઓના ૯૩.૩૩ કિ.મી. લંબાઈના માર્ગો સી.સી. રોડના બનાવવા માટે ૩૦૦.૫૭ રૂપિયા મંજૂર કર્યા છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગુજરાતના મુખ્યમંત્રી તરીકે ૭મી ઑક્ટોબર ૨૦૦૧ના દિવસે કાર્યભાર સંભાળીને રાજ્યના વિકાસને નવી દિશા આપી છે.આ સફળ સુશાસનના ૨૩ વર્ષ પૂર્ણ થવા અવસરે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શનમાં રાજ્યવ્યાપી વિકાસ સપ્તાહ' ઉજવાઈ રહ્યું છે. વિકાસ સપ્તાહની આ ઉજવણીમાં વિવિધ વિકાસ કામોના લોકાર્પણ-ખાતમુહૂર્ત, નવા વિકાસ કામોની મંજૂરીના ઉપક્રમમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે પ્લાસ્ટિક વેસ્ટના ઉપયોગથી માર્ગોની સુધારણાનો આ પર્યાવરણ પ્રિય અભિગમ અપનાવ્યો છે.વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પ્લાસ્ટિક વેસ્ટના આવા નિર્માણ કાર્યોમાં વધારેને વધારે ઉપયોગ દ્વારા વિકસિત ભારત માટે સસ્ટેનેબલ ડેવલપમેન્ટનું વિઝન આપેલું છે. તેમના આ વિઝનને સાકાર કરવામાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગુજરાતને અગ્રેસર બનાવવાના હેતુથી માર્ગ સુધારણા માટેના કામોમાં પ્લાસ્ટિક વેસ્ટના ઉપયોગને પ્રોત્સાહન આપ્યું છે.પ્લાસ્ટિક વેસ્ટનો માર્ગ સુધારણા અને નવ નિર્માણમાં ઉપયોગ આવનારા દિવસોમાં પર્યાવરણ સુધારણાની દિશામાં મહત્વપૂર્ણ બનશે.આ ઉપરાંત માર્ગોની મજબૂતી વધારવા સાથોસાથ રોડની લાઈફ સાયકલમાં પણ વૃદ્ધિ થશે અને વિકસિત ભારત માટે વિકસિત ગુજરાતનો મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલનો ધ્યેય પાર પડશે.

# અલંગનો ઉદ્યોગ ૨૦૨૮ સુધીમાં ૧૦% ચક્રવૃધ્ધિ દરે વધશે

ભાવનગર,તા.૧૪

ભાવનગર જીલ્લાની આર્થિક કરોડરજ્જુ સમાન અલંગના શિપ રીસાયકલિંગ ઉદ્યોગના સતત નકારાત્મક વાતાવરણ વચ્ચે એક આશાનું કિરણ જન્મ્યુ છે. ભારતમાં અલંગ શિપ રિસાયક્લિંગ ઉદ્યોગ વર્ષ ૨૦૨૮ સુધીમાં ૧૦ ટકાના ચક્રવૃદ્ધિ વાર્ષિક વૃદ્ધિ દર પર વિકાસ પામે તેવી અપેક્ષા છે તેમ એક નવા અહેવાલમાં જણાવાયું છે. પ્રતિષ્ઠિત આંતરરાષ્ટ્રીય સંસ્થા કેરએજ રેટિંગના એક અહેવાલ મુજબ, વર્ષ ૨૦૨૩માં ભાંગી નાખવામાં આવેલા જહાજોના વૈશ્વિક ગ્રોસ ટનેજમાં ભારતનો હિસ્સો ૩૩ ટકા હતો, જે બાંગ્લાદેશ પછી બીજા ક્રમે હતો, બાંગ્લાદેશે ૪૬ ટકાનું સંચાલન કર્યું હતું. શિપ રિસાયક્લિંગ ઉદ્યોગ વર્ષ ૨૦૨૫માં ૩.૮થી ૪.૨ મિલિયન ગ્રોસ ટનેજ થવાની ધારણા છે, જેની સામે વર્ષ ૨૦૨૪માં અંદાજિત ૨.૩થી ૨.૬ મિલિયન થઈ શકે છે. ભારતનો હિસ્સો હવે ૪૦ ટકા થવાની ધારણા છે.

ભારતમાં, ગુજરાતનું અલંગ વિશ્વની સૌથી મોટી શિપ રિસાયક્લિંગ સુવિધાઓમાં આવે છે, જે ૧૪૦ થી વધુ રિસાયક્લિંગ યાર્ડ્સ ધરાવે છે. અહેવાલ મુજબ, અલંગનો શિપ-રિસાયક્લિંગ ઉદ્યોગ વૈશ્વિક દરિયાઈ ક્ષેત્રનો નિર્ણાયક ભાગ છે. બાંગ્લાદેશ, ભારત, પાકિસ્તાન અને તુર્કી સહિતના ટોચના ચાર દેશો શિપ-રિસાયક્લિંગ ઉદ્યોગ પર પ્રભુત્વ ધરાવે છે, જે વૈશ્વિક શિપ રિસાયક્લિંગ વોલ્યુમના ૯૦ ટકાથી વધુને તોડી પાડે છે.

કેરએજ રેટિંગ્સના આસિસ્ટન્ટ ડિરેક્ટર સજની શાહના જણાવ્યા અનુસાર, જહાજનું નૂર દર નક્કી કરતા બાલ્ટિક ડ્રાય ઈન્ડેક્સ ભારે મેલ્ટિંગ સ્ક્રેપના ભાવમાં સ્થિરતા અને કામગીરીમાં અપ્રચલિત જહાજોમાં વધારો, વર્ષ ૨૦૨૫થી રિસાયક્લિંગ માર્કેટમાં વધુ જહાજો પ્રવેશવા માટે સૂચન કરે છે. શાહે ઉમેર્યું હતું કે વધુ સારૂ ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને ગ્રીન રિસાયક્લિંગ સુવિધાઓ ધરાવતા દેશો ભવિષ્યમાં મોટી સંખ્યામાં જહાજોને આકર્ષે તેવી અપેક્ષા છે.

# રાજકોટમાં પરપ્રાંતીયોને કામે રાખનારા, મકાન ભાડે આપનારા ૨૨ શખ્સો ઝડપાયા

રાજકોટ,તા.૧૪

કોઈ બહારના રાજયના કે દેશના શખ્સો શહેરમાં આવીને આતંકવાદી,ગુનાખોરીના કૃત્યોને અંજામ ન આપે તે માટે પોલીસ દ્વારા કોઈ પણ પરપ્રાંતીયને નોકરી પર કામે રાખતા પૂર્વે ઓનલાઈન અને આવા ઈસમોને મકાન ભાડે આપતા પહેલા પોલીસ સ્ટેશને તેની નોંધ કરાવવા જાહેરનામુ ઘણા લાંબા સમયથી અમલમાં છે છતાં તેનો ભંગ થતો રહે છે. રાજકોટમાં એક રાતમાં જ પોલીસે આ અંગે ભારતીય ન્યાય સંહિતાની ક.૨૨૩ હેઠળ (કે જે પહેલા આઈપીસી ક. ૧૮૮ હતી) ૨૨ જુદા જુદા ગુના નોંધીને ૨૨ શખ્સોની ધરપકડની કાર્યવાહી હાથ ધરાઈ હતી. રામનાથપર મેઈનરોડ પર લલિત ફરસાણમાં અને સોનીબજારમાં સિસ્મા પરપ્રાંતીયને કામે રાખવા બદલ એ ડિવિઝન પોલીસમાંતથા બી ડીવીઝનમાં ગરીબે નવાઝ કારખાનામાં પરપ્રાંતીયકારીગર



રાખવા બદલ ` તથા રાજકોટ-ભાવનગર હાઈવે પર ગાયત્રી માર્બલમાં કામે રાખવા બદલ ચિરાગ ઢોલરીયા સામે ગુના નોંધાયા હતા. ઉપરાંત સંતકબીર રોડ કૈલાસધારા સોસાયટી, પેડકરોડ સ્વીમીંગ પુલ પાસે, આર્યનગર સોસાયટીમાં મકાન, ભગવતીપરા સમન્વય હાઈટ્સ પાંચમા માળે અને છઠ્ઠા માળે, આજી વસાહત ખોડીયારપરા, રામનગર-૬માં ત્રણ મકાનો, પંચનાથ પ્લોટ મેઈનરોડ પર રાયકા ટેલીકોમ નામની દુકાન, રૈયારોડ પર શવપરા-૩માં ગ્રીન વેલનેસ સ્પા, વૈશાલીનગર શેરી નં.૧૦ રૈયારોડમાં ૨મકાનો, જામનગર રોડ કન્સ્ટ્રકશન સાઈટ, રૈયારોડ પર કનૈયા ચોક પાસે દિપક સોસાયટી-૧, સાધુ વાસવાણી રોડ પર ઓસ્કાર પ્લાઝા એપાર્ટમેન્ટ ઢોસા રેસ્ટોરન્ટમાં ઘરઘાટી, અક્ષરમાર્ગ ગૌતમનગર-૨, અંબિકાટાઉન શીપ-૫,મવડી વિસ્તારમાં સાઈટ પર, એંસી ફૂટના રોડ પર વી.એજ ઢોસાવાલા રેસ્ટોરન્ટમાં નોકર તરીકે રાખવા બદલ એમ કૂલ ૨૨ ગુના નોંધવામાં આવ્યા છે.

પોલીસસૂત્રો અનુસાર ભારતીય ન્યાય સંહિતાની ક.૨૨૩ મૂજબ આ તમામની ધરપકડ કરી શકાય છે. ગુનાની ગંભીરતા જોઈને ધરપકડને બદલે નોટિસ પણ અપાય છે. પોલીસે જણાવ્યું કે કોઈ પણ પરપ્રાંતીયને મકાન ભાડે આપવું હોય તો પોલીસ સ્ટેશને તેની નોંધ કરાવવાની હોય છે જ્યારે તેને દુકાને,ઘરે કામ ઉપર, નોકરીએ રાખવા હોય તો તેની ઓનલાઈન

### રાજકોટમાં વધુ એક હત્યા

# છૂટક મજૂરી કરતા યુવાનને પૈસાની લેતી દેતી મામલે અન્ય શખ્સે છરીના ઘા મારી પતાવી દીધો

રાજકોટ,તા.૧૪

રાજકોટમાં હત્યાની વધુ એક ઘટના સામે આવી છે, જેમાં જંકશન પોલીસ ચોકીથી તદ્દન નજીક રેલવે સ્ટેશનની સામે છૂટક મજૂરીકામ કરતા યુવાન સાથે અન્ય શખ્સે પૈસાની લેતીદેતી મામલે ઝઘડો કર્યો હતો અને ત્યારબાદ છરીના ઘા મારી દીધા હતા, જેને કારણે યુવાનનું ઘટના સ્થળે જ મૃત્યુ નીપજ્યું હતું. જોકે, પ્રધુમન નગર પોલીસે ગુનો નોંધી આરોપીને ઝડપી પાડ્યો છે.

પ્રાપ્ત વિગત મુજબ રાજકોટના રૂખડીયાપરા વિસ્તારમાં રહેતા પ્રવીણ રમેશ વાઘેલાએ પૈસાની લેતી દેતી મામલે ત્યાં જ રહેતા કરણ ઠાકોર સાથે ઝઘડો કર્યો હતો. શહેરના મુખ્ય રેલ્વે સ્ટેશન સામે ખાનગી હોટલ પાસે આ બંને શખ્સોએ ઝઘડો કર્યો હતો અને ત્યારબાદ પ્રવીણ વાઘેલાએ કરણ ઠાકોરને



છરીના ઘા મારી દીધા હતા, જેને કારણે છૂટક મજૂરી કરતો યુવાન ગંભીર રીતે ઘાયલ થયો હતો. જેથી, તેને સિવિલ હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યો હતો પરંતુ, ત્યાં ફરજ પરના તબીબોએ યુવાનનું મૃત્યુ નીપજ્યાનું જાહેર કર્યું હતું.

આ અંગે પ્રધુમન નગર પોલીસ મથકમાં ગુનો નોંધાયો છે અને બપોરે બનેલી આ ઘટના બાદ પોલીસે આરોપીને ઝડપી પાડ્યો હતો. પોલીસના કહેવા પ્રમાણે પૈસાની લેતીદેતી મામલે ઝઘડો થયો હતો અને તેને કારણે છૂટક મજૂરી કરતા

# બોર્ડની પરીક્ષા સંબંધે શાળા, શિક્ષકોનું ઓનલાઇન રજીસ્ટ્રેશન કરવું ફરજીયાત

## નવી નોંધાયેલી શાળાએ નવેસરથી નોંધણી કરાવવાની સુચના જુની શાળાઓએ ઈન્ફોર્મેશન અપડેટ કરવા જણાવવામાં આવ્યું

ગાંધીનગર,તા.૧૪

વર્ષ ૨૦૨૫માંમાં યોજાનારી બોર્ડની પરીક્ષાઓના આયોજન સંબંધે કવાયત શરૂ કરાઇ છે. તેમાં માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા શાળા અને શિક્ષકોના ફરજીયાત અને ઓનલાઇન રજીસ્ટ્રેશનની પ્રક્રિયા શરૂ કરાવાઇ છે. દરેક ધોરણમાં ચાલુ વર્ગોના માધ્યમવાર વિદ્યાર્થીઓ, શિક્ષકોની સંખ્યા અચૂક આપવાની છે. સાથે સ્પષ્ટ સુચના આપવામાં આવી છે. જુની શાળાઓએ ઇન્ફોર્મેશન અપડેટ કરવા માટે પણ સ્પષ્ટ જણાવવામાં આવ્યું છે.

ગાંધીનગર સહિત જિલ્લા શિક્ષણાધિકારીઓને અપાયેલી સુચના પ્રમાણે સ્કૂલ રજીસ્ટ્રેશન અને ટીચર્સ રજીસ્ટ્રેશન બોર્ડની નિયત કરેલી અલગ અલગ વેબસાઇટ પર કરવાનું છે. ચાલુ વર્ષે નોંધાયેલી તમામ નવી શાળાઓએ નવેસરથી રજીસ્ટ્રેશન કરવાનું રહેશે. જ્યારે હાલમાં કાર્યરત શાળાએ તેની ઇન્ફોર્મેશન અપડેટ કરવાની રહેશે. તેમાં વિદ્યાર્થીઓ અને શિક્ષકોની માહિતી આપવાની સાથે શાળાનું નામ અને સરનામાની ખરાઇ કરવા અને તેમાં કોઇ સુધારો હોય તો સુધારાના ઓર્ડર સાથે બોર્ડની શાળા નિયંત્રણ શાખાનો રૂબરૂ સંપર્ક કરવાની સુચના આપી છે. ચાલુ વર્ષે જે શાળાઓને નવા ઇન્ડેક્ષ નંબર અપાયા છે. તેવી શાળાઓને તેમની ક્રમિક વર્ગની અરજી સમયે જે ઇ-મેઇલ આઇડી આપ્યું હતું. તે આઇડી પર જ પાસવર્ડ પણ મોકલાયા છે. ટીચર્સ રજીસ્ટ્રેશનમાં નોંધણી

### રૂ. ૫.૮૯ લાખના MD ડ્રગ્સ સાથે યુવતી ઝડપાઈ

# અમદાવાદની બ્યુટી પાર્લર સંચાલિકા રાજકોટ ૫૮.૯૫ ગ્રામ ડ્રગ્સ સાથે આવતા જ SOGએ પકડી પાડી

રાજકોટ,તા.૧૪

રાજકોટમાં અમદાવાદમાંથી માદક પદાર્થ મેફેડ્રોન (એમ.ડી.) ના જથ્થા સાથે એક યુવતી આવતી હોવાની બાતમીના આધારે રાજકોટ ટીમ બામણબોર પાસે વોચમાં હતી. આ દરમિયાન અમદાવાદમાં બ્યુટી પાર્લર ચલાવતી ૨૭ વર્ષિય શ્વેતા શાંતિલાલ ઠક્કરને રાજકોટ શહેર એસ.ઓ.જી ટીમે બામણબોર નજીકથી ઝડપી પાડી હતી અને તેની પાસેથી રૂ. ૫.૮૯ લાખનો ૫૮.૯૫ ગ્રામ ડ્રગ્સનો જથ્થો કબજે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

રાજકોટ શહેરના પોલીસ કમિશ્નર બ્રજેશ કુમાર ઝા તરફથી મળેલ સૂચના આધારે



રાજકોટ શહેર વિસ્તારમાં યુવાધન નશાના રવાડે ના ચડે તથા નાર્કોટીક્સ પદાર્થોનું વેચાણ અટકાવવા - મિશન અંતર્ગત નાર્કોટીક્સ પદાર્થોનું ખરીદ-વેચાણ કે સેવન કરનારા શખ્સો વિરુધ્ધ કડક કાર્યવાહી કરવા સૂચના આપેલ હોય જેથી પી.આઇ. એસ.એમ.જાડેજા માર્ગદર્શન હેઠળ એસ.ઓ.જી. ટીમ રાજકોટ- અમદાવાદ હાઇવે પર બામણબોર ગામમા જવાના જુના રસ્તા પાસે વોચમાં હતી ત્યાર એક યુવતી શંકાસ્પદ હાલતમાં પસાર થતા જોવા મળી હતી.

જેથી પોલીસ તેને રોકી તપાસ કરતા તેની પાસેથી ૫૮.૯૫ ગ્રામ ડ્રગ્સ જેની કિંમત રૂપિયા ૫,૮૯,૫૦૦, ૨ મોબાઈલ, નાનો વજન કાંટો, રોકડા રૂપિયા સહિતના ૬.૧૦ લાખના મુદામાલ સાથે ઝડપી એરપોર્ટ પોલીસ સ્ટેશનમાં ગુન્હો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરેલ છે. તો અંગે પી.આઈ. એસ.એમ.જાડેજાએ જણાવ્યું હતું કે, ડ્રગ્સ સાથે ઝડપાયેલાં યુવતી શ્વેતા શાંતિલાલ ઠક્કર ( ઉ.વ.-૨૭, વેપાર બ્યુટીપાર્લર રહે.વટવા, સતેજ હોમ્સ બ્લોક નંબર- સી/૧૮, કિંજલ

## રાજકોટમાં કોન્ટ્રાક્ટર સાથે ઠગાઈ

# રૈયા સ્માર્ટ સિટીની ૪,૩૨૦ ચો.મી જમીનના રૂ.૧.૨૦ કરોડ ચૂકવ્યા બાદ ૩ બહેને સાટાખત ન કરી આપતા ફરિયાદ

રાજકોટ,તા.૧૪

રાજકોટના બાંધકામના કોન્ટ્રાક્ટર હર્ષ વીરોજાએ દિલીપસિંહ ચાવડાની ૩ પુત્રીના નામની નવા ૧૫૦ ફૂટ રીંગ રોડ પર અટલ સરોવરની સામે રૈયા સ્માર્ટ સિટીમાં આવેલી ૪,૩૨૦ ચોરસ મીટર જમીનના રૂ. ૭,૭૭,૬૦,૦૦૦ની ખરીદી માટે અખબારમાં નોટિસ પ્રસિદ્ધ કરી હતી. તેની સામે ચેક મારફત રૂ. ૧.૨૦ કરોડ આપ્યા બાદ દસ્તાવેજ કરી આપ્યા ન હતા. જેથી આ બાબતે યુનિવર્સિટી પોલિસ મથકમાં ફરિયાદ નોંધાવી છે. જેથી પોલીસે તપાસ હાથ ધરી છે.ફરિયાદમાં હર્ષ દિલિપભાઈ વિરોજા (ઉં.વ.૨૮, રહે. શીલ્પન આઈકોન)એ જણાવ્યું હતુ કે, હું બાંધકામનો વ્યવસાય કરૂ છું. આજથી ૧ વર્ષ પહેલા દલાલ મારફતે મારે નાસીર ઈબ્રાહીમભાઈ વીકયાણીનો સંપર્ક થયો હતો અને નાસીર વીકયાણીએ મને વાત કરી હતી કે, રાજકોટ તાલુકાના ગામ રૈયાના





રેવન્યુ સર્વે નં. ૩૦૧/૭ પૈકી ૧ પૈકી ૧ની જે ટી.પી. સ્કીમ નં.૩૨ (રૈયા)ના એફ.પી. નં.૪૧/૭ પૈકીની ખેડવાણ જમીન ચો.મી. આશરે ૪૩૨૦ હીરાબા દીલીપસિંહ ચાવડા, હિનાબા દીલીપસિંહ ચાવડા અને મનિષાબા દીલીપસિંહ ચાવડાની સંયુક્ત કબ્જા ભોગવટા અને માલીકીની આવેલી છે. આ જમીન તેઓ પાસેથી અમે રજીસ્ટર સાટાખત કરાવેલી છે, તેમ વાત કરેલ હતી. જેમાં નાસીરએ અમને કહ્યું હતું કે, ઉપરોકત જમીન વેચવાની છે. જેથી નાસીર સાથે સોદો કર્યો હતો અને આ નાસીર મારફતે હીરાબા દીલીપસિંહ ચાવડાને મળ્યાં હતા અને આ જમીન ખરીદ કરવા નક્કી કરેલ હતું. જમીન ટાઇટલ કલિયર છે અને તમે જે કહેશો તે તમામ ટાઇટલના કાગળો અમે પુરા પાડીશું તેમ જણાવ્યું હતુ. આ જમીન અમે કોઈને વેચાણ કરેલ નથી કે વેચાણ અંગેનુ કોઈ લખાણ કરી આપ્યું કે હાલ આ જમીન પરત્વે કોઈ પણ કોર્ટ-કચેરીમાં કેસ કે વાદવીવાદ ચાલતો નથી, તેવુ જણાવી બાહેધરી આપી હતી.જે બાદ અમે તથા જીત જેન્તીલાલ સાપરીયા, ભરત રતીભાઈ સાપરીયા, નાસીર, લાલજી વસોયા, હીરાબા દીલીપસિંહ ચાવડા તથા તેમના એક દીકરી તથા તેમના જમાઈ સાથે જમીનની માપણી અંગે ગયા હતા. ઉપરોકત જણાવેલી જમીન ચો.મી. ૪૩૨૦ જમીન માપણી કરી હતી અને બાદમાં અમને આ હીરાબા ચાવડા ઉપર વિશ્વાસ આવતા જમીન પેટે રૂ.૭,૭૭,૬૦,૦૦૦ લેખે વેચાણ રાખવાનું નક્કી કર્યું હતુ. આ જમીનનો સાટાખત નાસીરભાઈના નામે હોવાથી અમે ભાગીદારોએ નાસીરને રોકડા રૂ.૧.૩૦ કરોડ આપ્યાં હતા. નાસીર મારફતે આ આરોપી બહેનો હીરાબા ચાવડા, હિનાબા ચાવડા અને મનિષાબા ચાવડાને મોટી રકમ ચેક મારફતે આપી હતી. જેની વિગત નીચે મુજબ છે. (૧) હીરાબા દીલીપસિંહ ચાવડાના નામે અમારા ભાગીદાર જીત સાપરીયાએ ચેકથી રૂ. ૨૦ લાખ ચુકવેલા છે. (૨) હીનાબા વિરેન્દ્રસિંહ ઝાલા ડો/ઓફ દીલીપસિંહ ચાવડાના નામે અમારા ભાગીદાર જીતભાઈ સાપરીયાએ ચેકથી રૂ. ૨૦ લાખ ચુકવેલા છે. (૩) મનિષાબા દિગ્વીજયસિંહ પરમાર ડો/ઓફ દીલીપસિંહ ચાવડાના નામે અમારા ભાગીદાર જીતભાઈ સાપરીયાએ રૂ. ૨૦ લાખ ચુકવેલા છે (૪) હીરાબા દીલીપસિંહ ચાવડાના નામે અમે રૂ. ૧૦ લાખ ચુકવેલા છે. (૫) હીનાબા વિરેન્દ્રસિંહ ઝાલા ડો/ઓફ દીલીપસિંહ ચાવડાના નામે અમે રૂ. ૧૦ લાખ ચુકવેલા છે.

## નો પાર્કિંગમાં કારને લોક મારતા ભાઈ-બહેન વીફર્યા

# દંડ ભરવાનું કહેતા હેડ કોન્સ્ટેબલને પાટુ મારી ગાળાગાળી કરી, સસ્પેન્ડ કરાવવાની ધમકી આપતો વીડિયો વાયરલ





રાજકોટ,તા.૧૪

રાજકોટના કોટેચા ચોક પાસે આજે બપોરે ટ્રાફિકને અડચણરૂપ નો પાર્કિંગમાં મૂકેલી કારને લોક મારી દીધા બાદ દંડ ભરવાનું કહેવામાં આવતા ઉલટા ચોર કોટવાલ કો દાટેની માફક ભાઈ-બહેન ઉશ્કેરાઈ ગયા હતા. ટ્રાફિક હેડ કોન્સ્ટેબલને પાટુ મારી ગાળાગાળી કરી હતી અને સસ્પેન્ડ કરાવી દઈશ એવી ધમકી આપી હતી. જેથી, ટ્રાફિક હેડ કોન્સ્ટેબલ દ્વારા ગાંધીગ્રામ પોલીસ મથકમાં બંને ભાઈ-બહેન વિરુદ્ધ ફરજમાં રૂકાવટનો ગુનો નોંધવામાં આવતા પોલીસે તપાસ હાથ ધરી છે. આ સમગ્ર ઘટનાનો વીડિયો પણ સોશિયલ મિડિયામાં વાયરલ થયો છે.

રાજકોટમાં ટ્રાફિક શાખામાં પોલીસ હેડ કોન્સ્ટેબલ તરીકે ફરજ બજાવતા લખનભાઈ સુસરાએ ગાંધીગ્રામ પોલીસ મથકમાં ફરજમાં રૂકાવટની ફરિયાદ નોંધાવી છે. જેમાં મવડીના બાપા સીતારામ ચોક પાસે અવધ રેસીડેન્સીમાં મંત્ર અભિષેક ટેનામેન્ટમાં રહેતા ૧૯ વર્ષીય અભિષેક જાટકિયા અને તેની ૨૩ વર્ષીય બહેન દીક્ષા જાટકિયાનુ નામ આપ્યું છે. જેમાં તેમણે જણાવ્યું છે કે, ટ્રાફિક હેડ કોન્સ્ટેબલ અને તેની સાથેના માણસો બંદોબસ્તમાં હતા ત્યારે શહેર વિસ્તારમાં નો પાર્કિંગ અને અડચણરૂપ પડેલા વાહનોને લોક મારવાની સાથે ટોઈંગ કરવાની કામગીરી ચાલુ હતી.

જે દરમિયાન કોટેચા ચોક પાસે કાર નંબર 03 ૪૯૬૯ને લોક મારી દીધું હોવાથી દંડ ભરવાનું કહેવામાં આવતા બંને ભાઈ-બહેને ટ્રાફિક પોલીસ સાથે બોલાચાલી કરી હતી. જેનો વીડિયો પણ સોશિયલ મીડિયામાં વાયરલ થયો હતો. જેમાં ટ્રાફિક પોલીસના કહેવાથી બંને ઉશ્કેરાઈ જાય છે અને પોલીસ હેડ કોન્સ્ટેબલ સુસરાને પગમાં સાથળના ભાગે પાટુ મારે છે અને ગાળાગાળી કરી ધમકી આપવા લાગે છે કે, તને સસ્પેન્ડ કરાવી દઈશ. જેથી, આ બંને ભાઈ-બહેન સામે ફરજમાં રૂકાવટનો ગુનો નોંધવામાં આવે.

# સેન્ટ્રલ GSTના આસિસ્ટન્ટ કમિશનરના ઘરમાંથી રૂ. ૨.૪૮ લાખની ચોરી



રાજકોટ,તા.૧૪

રાજકોટમાં સેન્ટ્રલ જીએસટીના આસિસ્ટન્ટ કમિશનર શિવદાસ મેનનના ઘરમાંથી રૂ. ૨.૪૮ લાખની ચોરી થયાની ગાંધીગ્રામ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાઈ છે. પોલીસમાંથી પ્રાપ્ત વિગત મુજબ રાજકોટ શહેરના એરપોર્ટ રોડ ઉપર દિવ્યા સિદ્ધિ પાર્કની બાજુમાં ઈન્કમટેક્સ સોસાયટી ૧૧/૧માં રહેતાં અને સેન્ટ્રલ જીએસટીમાં આસિસ્ટન્ટ કમિશનર તરીકે ફરજ બજાવતા શિવદાસ પીતાંબરભાઈ મેનન (ઉ. વ. ૫૮) એ ગાંધીગ્રામ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

ફરિયાદમાં જણાવ્યું હતું કે, પોતે ગત તારીખ ૧૧ ઓક્ટોબરના સવારે ૬૦૦ વાગ્યાથી ૧૨ ઓક્ટોબરના સાંજે છ વાગ્યા દરમિયાન ઘરને તાળું મારી પરિવાર સાથે પ્રથમ દ્વારકા અને ત્યારબાદ સોમનાથ દર્શન માટે ગયા હતા. જોકે બાદમાં રાજકોટ ઘરે પરત આવતા જોયું તો દરવાજાનું લોક તૂટેલું હતું અને ત્યારબાદ ઘરમાં તપાસ કરતા રૂ. ૨,૦૮,૫૦૦ ના સોના ચાંદીના દાગીના અને અન્ય ચીજ વસ્તુઓની સાથે રૂ. ૪૦,૦૦૦ની રોકડ ગાયબ હતી. એટલે કે કુલ રૂ. ૨,૪૮,૫૦૦ની મત્તા અજાણ્યા ચોર ચોરી કરી જતા ફરિયાદ નોંધાવી છે.

નો ફેવર, નો ફિઅર...
# સામના મિરર
Dt.14/10/2024 MONDAY 

# હવે ખાતેદાર નહિં હોય તે પણ ખેતી માટે કૃષિ જમીન ખરીદી શકશે

## મોટો નિર્ણય લેવાની તૈયારી ફક્ત ખેતી-બાગાયત માટે જ આ જમીનનો ઉપયોગ કરવાની શરત આવશેઃ ઓર્ગેનીક ખેતીની પ્રાધાન્ય

### કૃષિ ક્ષેત્રમાં નવા રોકાણ-આધુનિકતા માટે સરકાર મહત્વના નિર્ણયના માર્ગે વર્તમાન ખેડુતો પણ કરાર કરી શકશે



રાજકોટઃ ગુજરાતને ઔદ્યોગીકની સાતે કૃષિ સમૃદ્ધ રાજય બનાવવા માટે રાજય સરકાર એક મહત્વનો નિર્ણય કરવા જઈ રહી છે. એક સમયે પાણીની મુશ્કેલી અનુભવતા ગુજરાતના મોટાભાગનાં વિસ્તારોમાં નર્મદા સરદાર સરોવર ડેમનું પાણી પીવા અને સિંચાઈ માટે પહોંચી રહ્યું છે તે રાજયમાં વરસાદની માત્રા પણ વધતી જાય છે.

તેથી ભૂગર્ભ જળનાં સ્તર પણ ઉંચા આવી રહ્યા છે. તેનો લાભ કૃષિ ક્ષેત્રોનો વધે તે માટે સરકાર હવે ખેતી-બાગાયત કરવી છે અને તેઓ ખાતેદાર-ખેડૂત નથી તેની ખેતીની જમીન ખરીદી શકતા નથી તેઓને હવે ફકત ખેતી બાગાયતનાં હેતુ માટે જ ખેતીની જમીન ખરીદવા છુટ અપાશે.

રાજયમાં ખાતેદાર-ખેડૂત-બનવા માટેની પ્રક્રિયા ખુબ જ જટીલ છે અને જેઓના પરીવાર મૂળભૂત રીતે ખેડુત હશે તેના પરીવારને જ આ લાભ મળે છે જયારે સમાંતર રીતે બોગસ ખાતેદાર ખેડુત બનવાનું રેકેટ પણ ચાલે છે જે બદલે કૃષિ જેવા મોટા રોકાણ આધુનિક કૃષિની જરૂર છે તેઓને ફકત ખેતીનાં બાગાયત એટલે કે વ્યાપારી હેતુથી ફળ-ફુલો ઉગાવવા માટે ખેતીની જમીન ખરીદવાની છુટ અપાશે.

દેશનાં જ રાજય હરીયાણામાં આ પ્રકારની છુટ છે. દેશમાં કૃષિ મોંઘી બની છે અને ખાતેદાર-ખેડૂત જ કૃષિ જમીન ખરીદી શકતા કે ધરાવી શકતા હતા તેથી રોકાણ મર્યાદિત થાય છે પણ જો કૃષિમાં નવુ રોકાણ અને આધુનિક ઉપરાંત વૈવિધ્યસભર ખેતી કરવી હોય તો તેઓ વ્યાપારી અભિગમ જરૂરી છે. ગુજરાતમાં ઓર્ગેનીક ખેતીને પ્રોત્સાહન અપાય છે અને તેથી આ હેતુ માટે પણ નવા ખેડુતો માટે આ નિર્ણય કરાઈ રહ્યો છે.

આ ઉપરાંત હાલ જેની પાસે ખેતીની જમીનો છે તેઓ ખાનગી બીન ખાતેદાર સાથે કરાર કરીને તેની સાથે ખેતી કરે છે તેને ભંડોળ આપે તેવી જોગવાઈ કરી શકાય છે. પણ આ જમીનનો ફકત કૃષિ-બાગાયત માટે જ કરી શકાશે અન્ય કોઈ વ્યાપારી ઉપયોગ કરી શકાશે નહિં રાજયમાં કોમર્શીયલ હેતુથી બિનખેતી કરાવવા માટેનો પ્રવાહ વધી રહ્યો છે તેની ભવિષ્યમાં ખેતીની જમીનની અછત થઈ શકે છે. ગુજરાતમાં લેન્ડ રીફાર્મ માટે સીએલસીનાં કમીટીનો રીપોર્ટ સરકારને સુપ્રત થયો છે તેમાં પણ આ ભલામણ હોવાની શકયતા છે. સરકારે હાલમાં જ ૬ એપ્રિલ ૧૯૯૫ બાદના રેવન્યુ રેકર્ડ એ ખેડુતનાં સ્ટેટસ માટે ચકાસણી પાત્ર બનશે. ખાસ કરીને કૃષિની જમીનમાં લેવડ દેવડમાં પણ નિર્ણય મહત્વનો છે અને જુના રેકોર્ડમાં જવાની જરૂર રહેશે નહિં.

# વરસાદને લીધે ઓછી ઉપજ થતા ફુલબજારમાં ભાવ વધારો

### ગલગોટા-મોગરા અને ગુલાબના ફુલના ભાવ ૪ હજાર રૂપિયાએ પહોંચ્યો



ચોમાસાની ઋતુમાં આ વર્ષે પડેલા અનરાધાર વરસાદને કારણે પૂરનો માહોલ સર્જાયો હતો. પરિણામે ખેડૂતોના પાક ઘણી જગ્યાએ ધોવાઈ ગયા હતા. જેમાં ફૂલના પાકને પણ ભારે નુકસાન થયું છે. જેને લીધે દશેરા જેવા પર્વમાં ફુલના ભાવમાં અધધ વધારો થયો છે.દરમિયાન અસુરી શક્તિ પર દૈવી શક્તિના થયેલા વિજયથી ઉજવાતા વિજયાદશમીના મહાપર્વ નિમિત્તે શસ્ત્ર પૂજન, કામ ધંધાના દુકાને, સહિત પોતપોતાના વાહનોની પૂજા કરવાનું અનેરુ મહત્વ છે. આ સંદર્ભે વિવિધ રંગબેરંગી ફુલનો ઉપયોગ પણ પૂજામાં થતો હોય છે. જેના કારણે ફુલ બજારમાં ભાવ આસમાને પહોંચ્યા છે. દશેરા પર્વ પર ફૂલ બજારમાં ફૂલ ગોટાનો ભાવ પ્રતિ કિલોના રૂ. ૧૦૦ જ્યારે ફૂલ મોગરાનો ભાવ પ્રતિ કિલો રૂ. ૪ હજારે પહોંચ્યો છે.વિજ્યાદશમી નિમિત્તે આજે ફૂલની માંગ મોટા પ્રમાણમાં રહી છે. મુખ્ય બજાર ખડેરા માર્કેટ ખાતે જાહેર રોડ રસ્તા પર હજારો કિલો ફૂલોના ઢગલા ખેડૂતો અને વેપારીઓએ કરી દીધા છે. જેકે ઓછી ઉપજ અને તહેવાર નિમિત્તે ફૂલની માંગ વધુ હોવાથી ફુલ ગોટા નો ભાવ પ્રતિ કિગ્રા. રૂપિયા ૧૦૦ અને ગુલાબના ફૂલનો ભાવ રૂપિયા ૮૦૦ થયો છે અને મોગરા ફૂલનો ભાવ રૂપિયા ૪૦૦૦ પ્રતિ કિલોગ્રામના થયા છે. છતાં પણ ફૂલ બજારમાં ગ્રાહકોની ભારે ભીડ જણાઈ હતી.

# વિંછીયા તાલુકાના રેવાણીયા ગામ ખાતે પ્રાકૃતિક કૃષિ તાલીમ યોજાઈ



રાજકોટ તા.૧૪

રાજ્યવ્યાપી ''વિકાસ સપ્તાહ'' અભિયાન અંતર્ગત વિંછીયા તાલુકાના રેવાણીયા ગામ ખાતે પ્રાકૃતિક કૃષિ તાલીમ અન્વયે મોડલ ફાર્મ મુલાકાત લેવામાં આવી હતી. વિકાસ સપ્તાહ અંતર્ગત વિવિધ કચેરીઓ દ્વારા કાર્યક્રમો હાથ ધરવામાં આવી રહ્યા છે. ગુજરાત પ્રાકૃતિક કૃષિ વિકાસ બોર્ડ દ્વારા જિલ્લાના ગ્રામીણ વિસ્તારોમાં ખેડૂતો પ્રાકૃતિક ખેતીથી વાકેફ થાય અને પ્રાકૃતિક ખેતી કરતા થાય તે હેતુથી પ્રાકૃતિક કૃષિ તાલીમ અને મોડલ મુલાકાત અંતર્ગત કાર્યક્રમો યોજવામાં આવી રહ્યા છે. વિછીયા તાલુકાના રેવાણીયા ગામે ૪૩ ખેડૂતોએ પ્રાકૃતિક ખેતી ની તાલીમ લીધી હતી.

# જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિ કચેરી દ્વારા વિકાસ સપ્તાહની ઉજવણી કરાઈ







રાજકોટ, તા.૧૪

વિકાસ સપ્તાહ અંતર્ગત ગુંજન ટાઉનશિપમાં રાજ્ય સરકારની વિવિધ યોજનાના પ્રચાર અને સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાયો હતો.પરંપરાગત માધ્યમો દ્વારા સરકારશ્રીની યોજનાઓનો પ્રચાર પ્રસાર થઈ શકે અને લાભાર્થીઓ સુધી આ યોજના પહોંચી શકે તે હેતુથી જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિ કચેરી દ્વારા કઠપૂતળીનો કાર્યક્રમ આ તકે યોજાયો હતો.

અત્રે ઉલ્લેખનીય છે કે, સમગ્ર રાજયમાં વિકાસ સપ્તાહની ઉજવણી કરવામાં આવી રહી છે ત્યારે રાજકોટ જિલ્લામાં પણ વિકાસ સપ્તાહ અંતર્ગત વિવિધ કાર્યક્રમો અને સરકારના પ્રકલ્પો હાથ ધરવામાં આવી રહ્યા છે. જિલ્લાના ગ્રામીણ અને શહેરી વિસ્તારોમાં વિવિધ કાર્યક્રમો, ખાતમુહૂર્તો તથા લોકાર્પણ કાર્યક્રમ યોજાઇ રહ્યા છે. લોકોને સરકારી યોજનાઓની જાણકારી પરંપરાગત માધ્યમો દ્વારા મળી રહે તે માટે જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિ કચેરી દ્વારા કાર્યક્રમ યોજાયો હતો.

સામના મિરર (દૈનિક) તંત્રી, મુદ્રક, પ્રકાશક અને માલિક : રાજેશ ઉદયકુમાર બગડાઈ
મુદ્રણ અને પ્રકાશન સ્થાન : સામના મિરર પ્રિન્ટર્સ, જય ભવાની, ચુનારાવાડ શેરી નં.૫, શાક માર્કેટ પાસે, રાજકોટ ૩૬૦૦૦૭

# ગુજરાતમાં રિન્યુએબલ એનર્જી પ્લાન્ટ્સમાં રૂપિયા 43450 કરોડનું રોકાણ

## ૨૦૨૪માં પુનપ્રાપ્ય ઊર્જામાં ૬૫૦૦ મેગાવોટનો વધારો

ગાંધીનગર,તા.૧૪

નરેન્દ્ર મોદીના મુખ્યમંત્રી તરીકેના પરિવર્તનકારી કાર્યકાળથી લઈને વડાપ્રધાન તરીકેના દૂરદેશી નેતૃત્વ સુધી, ગુજરાત અભૂતપૂર્વ વિકાસનું સાક્ષી બન્યું છે. છેલ્લા ૨૩ વર્ષમાં ગુજરાતે વિવિધ ક્ષેત્રોમાં હરણફાળ ભરીને આજે એક અગ્રેસર રાજ્ય તરીકેની ઓળખ બનાવી છે. ગુજરાતે વિવિધ ક્ષેત્રોમાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કર્યું છે, જેમાં રિન્યુએબલ એનર્જી એટલે કે પુનઃપ્રાપ્ય ઊર્જા ક્ષેત્રે થયેલી કામગીરી ખરેખર નોંધનીય છે.

આજે રિન્યુએબલ એનર્જીમાં ગુજરાત અન્ય રાજ્યો માટે પથદર્શક બન્યું છે. રાજ્યએ વીજ ઉત્પાદનની કુલ ૫૨,૪૨૪ મેગાવોટની સ્થાપિત ક્ષમતા હાંસલ કરી છે, જેમાં ૫૦%થી વધુ એટલે કે ૨૫,૪૭૨ મેગાવોટ પુનઃપ્રાપ્ય સ્ત્રોતોમાંથી આવે છે. ગુજરાત આ સીમાચિહ્ન સુધી પહોંચનારું પ્રથમ રાજ્ય બન્યું છે, જે ભારતમાં સ્વચ્છ, ટકાઉ ઊર્જાને પ્રોત્સાહન આપવામાં રાજ્યના અસરકારક નેતૃત્વને પ્રદર્શિત કરે છે.

માર્ચ ૨૦૨૩ના આંકડા પર નજર નાખીએ તો, ગુજરાતની વીજ ઉત્પાદન ક્ષમતા ૪૫,૯૧૨ મેગાવોટ હતી, જેમાં પુનઃપ્રાપ્ય ઊર્જાનો ફાળો ૧૯,૪૩૫ મેગાવોટ હતો. ૨૦૨૪ સુધીમાં આ ક્ષમતામાં ૬,૫૧૨



મેગાવોટનો વધારો થયો છે, જેમાં ૬,૦૩૬ મેગાવોટ પુનઃપ્રાપ્ય સ્ત્રોતોમાંથી આવે છે. આ નોંધપાત્ર વધારો સ્વચ્છ ઊર્જા માટે ગુજરાતની અડગ પ્રતિબદ્ધતા અને ભારતના વ્યાપક સસ્ટેનેબિલિટી મિશનમાં તેના નેતૃત્વને દર્શાવે છે. જોકે, આ નોંધપાત્ર પરિવર્તન રાતોરાત નથી આવ્યું. ગુજરાતે ભવિષ્યને ધ્યાનમાં રાખીને સૌર, પવન, અને હાઈબ્રિડ એનર્જી પ્રોજેક્ટ્સમાં મોટા પાયે રોકાણ કર્યું છે. ગુજરાત એ રાજ્ય છે જેણે સતત ઈનોવેશનને પ્રોત્સાહન આપ્યું છે, નીતિને અનુકૂળ વાતાવરણ ઊભું કર્યું છે તેમજ જાહેર અને ખાનગી બંને ક્ષેત્રની ભાગીદારી સુનિશ્ચિત કરીને અન્ય રાજ્યો માટે એક દ્રષ્ટાંત પૂરું પાડ્યું છે.ગુજરાતમાં ઊર્જા ક્ષેત્રે જે ક્રાંતિ આવી છે તે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના સક્ષમ નેતૃત્વનું પરિણામ છે. તેમના માર્ગદર્શન હેઠળ, રાજ્યએ પુનઃપ્રાપ્ય ઊર્જાને કેન્દ્રમાં રાખીને પોતાની વ્યૂહરચના તૈયાર કરી છે. રાજ્યના નાગરિકોની વીજ માંગ પૂરી કરવાની સાથે આવનારી પેઢી માટે સ્વચ્છ અને હરિયાળા ભવિષ્યનું નિર્માણ થાય એ પણ સુનિશ્ચિત કરવામાં આવ્યું છે.રાજ્ય સરકારે સક્રિય નીતિઓ ઘડીને વ્યાપકપણે જાહેર પ્રોજેક્ટ્સમાં રોકાણને પ્રોત્સાહન આપ્યું છે, સાથે નવીનીકરણીય ઊર્જાની પહેલોમાં ખાનગી ક્ષેત્રની ભાગીદારી માટેના દરવાજા પણ ખોલ્યા છે.

રિન્યુએબલ એનર્જી સમિટ ૨૦૨૪માં સમગ્ર વિશ્વ નવીનીકરણીય ઊર્જાના ક્ષેત્રમાં ગુજરાતના મજબૂત નેતૃત્વનું સાક્ષી બન્યું છે. ગાંધીનગરના મહાત્મા મંદિર ખાતે ૧૬થી ૧૮ સપ્ટેમ્બર દરમિયાન યોજાયેલી આ સમિટ ઐતિહાસિક કાર્યક્રમ હતો જેમાં ઊર્જા ક્ષેત્રના વૈશ્વિક આગેવાનો, મંત્રીઓ, મેન્યુફેક્ચરર્સ, નાણાકીય સંસ્થાઓ અને નીતિ નિર્માતાઓએ નવીનીકરણીય ઊર્જાના ઉકેલો શોધવા અને આ ક્ષેત્રે રોકાણ વધારવા માટેની વ્યૂહરચનાઓ પર ચર્ચા કરી હતી.
નવીનીકરણીય ઊર્જા માટે પ્રતિબદ્ધતા દર્શાવીને ગુજરાત ટકાઉ ભવિષ્યને સુરક્ષિત કરવા માગે છે. પુનઃપ્રાપ્ય ઊર્જાની લાંબા ગાળાની ક્ષમતાનો વિચાર કરીને રાજ્યએ પહેલાંથી જ રિન્યુએબલ એનર્જી પ્લાન્ટ્સમાં ૪૩,૪૫૦ કરોડનું રોકાણ કર્યું છે, જે પરંપરાગત વીજ ઉત્પાદનમાં રોકાણ કરવામાં આવેલા ૨૮,૮૬૪ કરોડ કરતાં વધુ છે.ઉલ્લેખનીય છે કે, ગુજરાત સરકારની ગુજરાત રિન્યુએબલ એનર્જી પોલિસી ૨૦૨૮ સુધી લંબાવવામાં આવી છે, જે વૃદ્ધિને વધારે વેગ આપશે તેવી અપેક્ષા છે.

# જામનગરમાં મહાજન અગ્રણીની હત્યામાં અનૈતિક સંબંધો કારણભૂત

### શ્રીરામ ચોકમાં છરીના ૬ ઘા ઝીંકી હત્યા કરાઇ હતીઃ મૃતકના પુત્રની ફરિયાદના આધારે પોલીસ દ્વારા આરોપી રાઉન્ડઅપ

જામનગર,તા.૧૪

જામનગરના શંકર ટેકરી શીનગર વિસ્તારમાં ગઈ રાત્રે એક મહાજન અગ્રણીની સરા જાહેર હત્યા નિપજાવાતાં ભારે ચકચાર જાગી છે. પોલીસે મૃતક ના પુત્રની ફરિયાદ ના આધારે એક સ્થાનિક શખ્સ સામે હત્યા અંગે નો અપરાધ નોંધ્યો છે, અને હત્યારો આરોપી પોલીસે અટકાયત કરી છે. હત્યામાં અનૈતિક સંબંધો કારણભૂત હોવાનું પ્રાથમિક તપાસમાં ખુલ્યું છે.

જામનગરમાં દિગ્વિજય પ્લોટ શેરી નંબર ૪૨માં રહેતા અને શેરી નંબર ૪૯ માં કારખાનું ચલાવતા તેમજ જામનગરની સેવાભાવી સંસ્થા મોક્ષ ફાઉન્ડેશન તથા અન્ય કેટલીક સેવા પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલા મનસુખલાલ ખીમસિયા ઉર્ફે મનુભાઈ મેટ્રો નામના ૬૫ વર્ષના મહાજન અગ્રણી પર ગઈકાલે રાત્રે



શંકર ટેકરી વિસ્તારમાં શ્રીરામ ચોકમાં છરી વડે હુમલો કરાયો હતો. એક શખ્સ દ્વારા તેના છાતી ગરદન તેમજ શરીરના અન્ય ભાગોમાં છ જેટલા ઘા ઝીંકી દેતાં તેઓ બેશુદ્ધ થઈને ઢળી પડયા હતા. તેમને સારવાર માટે જામનગરની સરકારી જી.જી. હોસ્પિટલમાં પહોંચાડયા હતા. પરંતુ ત્યાં તેઓનું મૃત્યુ નીપજતાં આ બનાવ હત્યા માં પલટયો હતો.આ ઘટનાની જાણ થતાં જામનગરના મહાજન સમાજમાં પણ ભારે દોડધામ થઈ હતી.

જેઓએ આજથી 30 વર્ષ પહેલા શંકર ટેકરી વિસ્તારમાં શીનગરમાં ખોડીયાર માતાનું મંદિર બંધાવી આપ્યું હતું, જે મંદિરમાં તેઓ પ્રતિદિન દર્શન કરવા માટે આવતા હતા. ગઈકાલે પણ સાંજના સમયે તેઓ મંદિરે દર્શન કરીને સ્થાનિક વિસ્તારમાં રહેતા એક વ્યક્તિના ઘરે જઈને પરત નીકળી રહ્યા હતા. તે દરમિયાન તેના પર આ હુમલો કરાયો હોવાનું ખુલ્યું છે.

જે મામલે મૃતકના પુત્ર મહાવીર ભાઈ મનસુખલાલે પોલીસને જાણ કરી અને આ વિસ્તારમાં રહેતા મિતરાજસિંહ ભગીરથ સિંહ જાડેજાએ છરી વડે પોતાના પિતાની હત્યા નીપજાવી હોવાની કરેલી ફરિયાદ ના આધારે ગુનો નોંધ્યો હતો. અને વહેલી સવાર સુધીમાં આરોપીને હસ્તગત કરી લીધો હોવાનું જાણવા મળી રહ્યું છે.

# મોરબીમાં પ્રેમ સંબંધના મામલે યુવાનનું અપહરણ કરી બેફામ માર મારી હત્યા

મોરબી,તા.૧૪

મોરબીના ઈન્દિરાનગર વિસ્તારમાંથી ગતરાત્રિના પ્રેમ સંબંધમાં યુવાનનું રીક્ષામાં બેસાડી અપહરણ કર્યા બાદ હથિયારોથી માથાના અને હાથ પગમાં ઘા મારી ગંભીર ઈજા પહોંચાડી હત્યા કરવામાં આવી હતી. બનાવ મામલે પોલીસે હત્યાની ફરિયાદ નોંધી તપાસ ચલાવી છે. ઈન્દિરાનગરમાં રહેતા વિશાલ પરસોતમભાઈ માનેવાડિયાએ આરોપીઓ પ્રવિણ ઉર્ફે ઉગો અદગામા, નરેશ લાભુભાઈ વાઘેલા, કિશોર લાભુ વાઘેલા, વિશાલ કોળી, હકાભાઈ અદગામા ઘુંટુવાળા, કાના હકાભાઈ, જયેશ જીવણ અદગામા, સુનિલ જયંતિ જોગડીયા, મનીષ ઉર્ફે ભોલો, મેરીયો રબારી અને એક અજાણ્યો ઈસમ એમ ૧૧ ઈસમો વિરૂધ્ધ ફરિયાદ નોંધાવી છે. જેમાં જણાવ્યું છે કે તેઓ ગતરાત્રિના ત્રાજપરમાં માતાજીના મઢે ગયા હતા અને તાવા પ્રસાદી બનાવતા હતાં. ત્યારે ત્રાજપરમાં રહેતા રાહુલ મહેશ જંજવાડિયાએ આવી વાત કરી હતી કે તે તથા ગોગો સાતોલા અને નાનો ભાઈ વિજય ઉર્ફે રવિ પરસોતમભાઈ માનેવાડિયા ત્રણેય ઈન્દિરાનગર ખારા પટમાં બેઠા હતા ત્યારે પ્રવિણ, વિશાલ કોળી અને જયેશ સહિતના આવી વિજય સાથે ઝગડો કરવા લાગ્યા હતા અને વિજય ઉર્ફે રવિને ખેંચીને માળિયા ફાટક તરફ લઇ ગયા હોવાનું જણાવ્યું હતું. જેથી તેઓ વિજયની તપાસ કરવા નીકળ્યા હતા.નાના ભાઈ વિજય ઉર્ફે રવિને બે ત્રણ વર્ષ પૂર્વે ત્રાજપરમાં રહેતા ડાયાભાઈ અદગામાની દીકરી શીતલ સાથે પ્રેમસંબંધ હોય જેની પરિવારને જાણ થતા અગાઉ સામાન્ય બોલાચાલી થઇ હતી

# મહેસાણા અને પાટણમાંથી રૂ. ૧.૩૯ કરોડનું ૪૫.૫ ટનનું શંકાસ્પદ ઘી પકડી પાડ્યું

મહેસાણા,તા.૧૪

આગામી દિવાળીના તહેવારોમાં જાહેર જનતાને શુદ્ધ અને સલામત ખાદ્ય ચીજ મળી રહે તેના પૂર્વ તૈયારીના ભાગરૂપે ફૂડ સેફ્ટી પખવાડિયું ઉજવવામાં આવી રહ્યું છે. જેના ભાગ રૂપે મહેસાણા અને પાટણમાંથી રૂ. ૧.૩૯ કરોડનું ૪૫.૫ ટનનું શંકાસ્પદ ઘી પકડી પાડ્યું છે. આરોગ્યમંત્રી ઋષિકેશ પટેલે ઉમેર્યું કે,ખોરાક અને ઔષધ નિયમન તંત્ર દ્વારા ખાદ્ય ચીજ ના ધંધા સાથે સંકળાયેલા ઉત્પાદકો, રીટેલર તથા કોલ્ડ સ્ટોરેજ વેગેરે જગ્યાએથી ફૂડ સેફ્ટી પખવાડિયામાં અત્યાર સુધી કુલ ૧૭૫૫ એન્ફોર્સમેન્ટ નમુના અને ૩૭૩૧ સર્વેલન્સ નમુના એમ કુલ ૫૪૮૬ નમુનાઓ લેવામાં આવ્યા જ્યારે ૨૪૨૩ ઇન્સ્પેક્શન હાથ ધરવામાં આવ્યા છે. આ ફૂડ સેફ્ટી પખવાડિયા દરમ્યાન અલગ-અલગ જગ્યાઓ પર ફૂડ સેફ્ટી



ઑન વ્હીલ્સ દ્વારા નવરાત્રી દરમ્યાન ૫૬ લાખથી નાગરિકો માટે ૬૪૦થી વધુ જાગૃતિ માટેના કાર્યક્રમો હાથ ધરવામાં આવ્યા છે.

તેમણે ઉમેર્યું કે, મહેસાણા અને પાટણ ખાતેથી રૂ. ૧.૩૯ કરોડનું ૪૫.૫ ટન શંકાસ્પદ ઘીનો જથ્થો પકડી પાડવામાં આવ્યો છે. ખોરાક અને ઔષધ નિયમન તંત્રને મળેલ ખાનગી બાતમીના આધારે મે. હરિઓમ પ્રોડક્ટ્સ, ૨૮, ૨૯, ૩૦, રાજરત્ન એસ્ટેટ, મુ.પો. બુડાસણ, તા. કડી, જી. મહેસાણા ખાતેથી શંકાસ્પદ રીતે ઘીમાં ભેળસેળ કરવામાં આવે છે. તેના આધારે દરોડો પાડવામાં આવ્યો હતો.

મે. જય અંબે સ્પાઈસીસ પેઢી પાસે નું લાઈસન્સ ધરાવતા ન હતા. સ્થળ ઉપર તપાસ દરમ્યાન તંત્રની ટીમને ફોરેન ફેટ, પામોલીન તેલ અને ઘી પણ મળી આવેલ જેનાથી પ્રાથમિક દ્રષ્ટીએ ઘીમાં ભેળસેળ કરતા હોવાનું જણાઈ આવ્યું હતું. આથી સ્થળ પરથી હાજર જવાબદાર વ્યક્તિ રામુ ડાકુરામ ડાંગીની હાજરીમાં કૂલ ૬ નમુના લેવામાં આવ્યા હતા, જ્યારે બાકીનો કૂલ રૂ. ૧.૨૫ કરોડનો ૪૩,૧૦૦ કિગ્રાનો જથ્થો કે જપ્ત કરવામાં આવ્યો છે.

આ ઉપરાંત પાટણ સિટીમાં ત્રણ દરવાજા પાસે આવેલ નીતીનકુમાર ભાઈલાલ ઘીવાલાની પેઢીમાંથી શંકાસ્પદ ઘીની ઉત્પાદન કરતા હોવાનું જાણવા મળતા તંત્ર દ્વારા સ્થળ પર તપાસ કરતા લેબલ વગરનો ઘીનો જથ્થો મળી આવ્યો હતો. જેના આધારે સ્થળ પર થી માલિકની હાજરીમાં કૂલ ૧૧ શંકાસ્પદ ઘીના નમુના લેવામાં આવ્યા છે. જયારે અંદાજીત કિંમત આશરે રૂ. ૧૪.૩૦ લાખનો બાકીનો ૨૪૦૦ કિગ્રાથી વધુનો જથ્થો જપ્ત કરવામાં આવ્યો છે. આ ખાદ્ય પદાર્થો બિન-આરોગ્યપ્રદ હોઈ તેમનો પૃથકકરણ અહેવાલ આવ્યા બાદ નિયમોનુસારની કોર્ટ કાર્યવાહી કરવામાં આવશે. તેમજ આ બાબતમાં આગળની ઝીણવટ ભરી તપાસ ચાલી રહી છે.

## ગોલ્ડની સાથે સિલ્વર ઈટીએફ તરફ પણ રોકાણકારોના આકર્ષણમાં વધારો

મુંબઈઃ ગોલ્ડ એક્સચેન્જ ટ્રેડેડ ફન્ડસ (ઈટીએફસ)ની જેમ રોકાણકારોનું સિલ્વર ઈટીએફસમાં આકર્ષણ વધી રહ્યાનું પ્રાપ્ત ડેટા પરથી કહી શકાય એમ છે. એસોસિએશન ઓફ મ્યુચ્યુઅલ ફન્ડસ ઈન ઈન્ડિયા (એમ્ફી)ના ડેટા પ્રમાણે એપ્રિલ ૨૦૨૩થી દોઢ વર્ષમાં સિલ્વર ઈટીએફસમાં રૂપિયા ૭૬૮૩ કરોડનો નેટ ઈન્ફલોસ જોવા મળ્યો છે, જ્યારે ગોલ્ડ ઈટીએફસમાં આ આંક રૂપિયા ૧૦,૫૮૮ કરોડ રહ્યો છે. એમ્ફી દ્વારા એપ્રિલ ૨૦૨૩થી સિલ્વર ઈટીએફસના ડેટા જારી કરવામાં આવી રહ્યા છે. દેશમાં સૌથી પ્રથમ સિલ્વર ઈટીએફસ જાન્યુઆરી, ૨૦૨૨થી શરૂ થયું છે. એપ્રિલ, ૨૦૨૩માં સિલ્વર ફન્ડસના ફોલિઓની સંખ્યા જે ૭૬ હજાર હતી તે સપ્ટેમ્બર, ૨૦૨૪ના અંતે વધી ૪.૨૪ લાખ પર પહોંચી ગયાનું પણ ડેટા પરથી જણાય છે.આજ ગાળામાં સિલ્વર ફન્ડસની એસેટ અન્ડર મેનેજમેન્ટ (એયુએમ) રૂપિયા ૧૭૮૬ કરોડ પરથી વધી રૂપિયા ૧૦૮૪૦ કરોડ રહી છે.

# રાજકોટમાં આહિરાણીઓ ૧૧૨ કરોડના ઘરેણા સાથે ગરબે ઘુમી

## ૧૫૦૦ મહિલાએ ૧૫૦૦૦ તોલાના સોનાના આભૂષણો પહેર્યા હતા, કેડ સુધીના હારથી ગ્રાઉન્ડ ગોલ્ડન બન્યું





રાજકોટ,તા.૧૪

નવરાત્રિ પર્વ દરમિયાન રાજ્યભરમાં વૈવિધ્યસભર નોરતા મનાવવામાં આવે છે. પ્રત્યેક સમાજ પોતાની આગવી ઓળખ અને પરંપરા સાથે નવરાત્રિ પર્વ મનાવતું હોય છે. આહિર સમાજની પણ એક પરંપરા સાથે નવરાત્રિ રાસ-ગરબા કરવામાં આવે છે.

રાજકોટમાં આહિર સમાજ દ્વારા ગઈકાલે નવરાત્રિ મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. એકબાજુ મેઘો મન મૂકીને વરસી રહ્યો હતો, બીજી બાજુ આહિર સમાજની ૧૫૦૦ બહેનો ૧૫૦૦૦ તોલા સોનાના ઘરેણાં પહેરી પરંપરાગત પહેરવેશ સાથે ગરબે ઘૂમી હતી. કેડ સુધીના હારથી તો ગ્રાઉન્ડ પણ ગોલ્ડન બની ગયું હતું. આહિરાણીઓએ પહેરેલું ૧૫૦૦ તોલા એટલે ૧૫૦ કિલો સોનું થાય. જો તેનો તોલાનો ભાવ ૭૫૦૦૦ હજાર ગણીએ તો અંદાજે ૧૧૨ કરોડ કિંમત થાય છે.રાજકોટમા આહિર સમાજ દ્વારા એક દિવસીય નવરાત્રિ મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. જે દરમિયાન વરસાદ વરસી રહ્યો હતો. વરસતા વરસાદમાં સમાજના ભાઈઓ અને બહેનો દ્વારા ગરબા રમવામાં આવ્યા હતા. પરંપરાગત પહેરવેશમાં સમાજના ભાઈઓ અને બહેનોએ ગરબાની રમઝટ બોલાવી હતી. આહિર સમાજની બહેનોની ઓળખ તેમના દ્વારા પહેરવામાં આવતા ઘરેણાં હોય છે. નવરાત્રિ દરમિયાન બહેનો દ્વારા સોનાના ઘરેણાં પહેરવામાં આવે છે. ગઈકાલે આયોજીત નવરાત્રિમાં પણ આહિર સમાજની બહેનો સોનાના ઘરેણાં પહેરીને આવી હતી. એક મહિલાએ ૧૦ તોલાથી પણ વધુ સોનું પહેર્યું હતું અને ગરબા ગ્રાઉન્ડમાં ૧૫ હજાર તોલાની સોનાની ચમક સાથે ૧૫૦૦થી વધુ બહેનોને રાસ લીધો હતો. આ સમયે સમગ્ર ગરબા ગ્રાઉન્ડ જાણે કે સોનાની ચમકથી ઝગમગી ઉઠ્યું હતુ. આહિર ગરબા મહોત્સવ() કમિટીના સભ્યો દ્વારા આહિર સમાજના તમામ ભાઈઓ બહેનોનો અને આગેવાનોનો અને દાતાઓ, સ્વયંસેવકો આભાર માન્યો હતો.

# એકબાજુ રાજ્યમાં લોકો બેરોજગાર છે ને સરકાર ખાલી જગ્યા ભરતી નથી,સરકારની ઝાટકણી કાઢી




ગુજરાત રાજ્યમાં વિવિધ જિલ્લાઓમાં ગ્રાહક તકરાર નિવારણ કમિશનમાં ખાલી પડેલી જગ્યાઓ તેમ જ ગુજરાત રાજ્ય ગ્રાહક તકરાર નિવારણ પંચમાં ખાલી પડેલી પ્રમુખ અને મેમ્બર્સની જગ્યાઓ મામલે થયેલી અરજીમાં ગુજરાત હાઈકોર્ટે સરકારને માર્મિક ટકોર કરતાં જણાવ્યું હતું કે, ખાલી જગ્યાઓના કારણે જિલ્લા ફોરમ કામ જ ના કરતુ હોય તો તેની રચનાનો શું મતલબ..? એકબાજુ રાજ્યમાં બેરોજગાર લોકો છે ને બીજી બાજુ સરકાર ખાલી જગ્યાઓ ભરતી નથી.

અગાઉ કોર્ટને જણાવાયું હતું કે, રાજ્યના જિલ્લા ગ્રાહક તકરાર નિવારણ કમિશનમાં ૩૮ માંથી પ્રેસિડેન્ટની ૨૦ રાજ્યના જિલ્લા ગ્રાહક તકરાર નિવારણ જગ્યાઓ અને ૭૬ માંથી ૪૭ જ્યુડિશિયલ મેમ્બરની જગ્યાઓ ખાલી છે. આ દરમિયાન ગ્રાહક બાબતોના વિભાગના સોગંદનામા મારફતે આજે અદાલતને જણાવાયું કે, આસિસ્ટન્ટ ડિરેકટરની જગ્યાઓ પૈકી ૧૪ જગ્યાઓ પ્રમોશનથી ભરવાની થાય છે.

જયારે એક જગ્યા સીધી ભરતીથી ભરવાની છે. જો કે, છેલ્લા બે વર્ષમાં પ્રમોશન કે સીધી ભરતીથી જગ્યાઓ નહી ભરાતાં હાઈકોર્ટે ભારે નારાજગી વ્યકત કરી હતી. સીધી ભરતી જીપીએસસી કરતું હોઈ હાઈકોર્ટે તેને પણ પક્ષકાર બનાવી હતી.

હાઈકોર્ટે રાજય સરકારને ગંભીર ટકોર કરી હતી કે, સરકારે વાસ્તવમાં ભરતી માટે કેલેડન્ડર બનાવવું જોઈએ. અધિકારીઓ આ મામલે આળસ કરી શકે નહી. જો જિલ્લા ફોરમોમાં સ્ટેનોગ્રાફર, કલાર્ક કે આસિસ્ટન્ટ ડિરેકટર જ ના હોય તો જિલ્લા ફોરમ કામ કેવી રીતે કરશે..?

જો જિલ્લા ફોરમ કામ જ ના કરી શકતું હોય તો પછી તેની રચના કરવો શું મતલબ..? દર વખતે હાઈકોર્ટ ટકોર કરે પછી જ સત્તાવાળાઓ બધી કામગીરી કરતા હોય છે. ભરતી માટે સરકારના પ્રયત્ન નહી, વચન જોઈએ. પ્રમોશન નહી થાય તો

# માર્કેટીંગ યાર્ડમાં હરરાજીઃ તળાજા યાર્ડમાં કપાસ અને મગફળીની આવકથી ધમધમાટ



તળાજાઃ તળાજા માર્કેટીંગ યાર્ડમાં છેલ્લા અઠવાડિયાથી ખરીફ સીઝનની મગફળી અને કપાસનો જથ્થો ધીમી અને મક્કમ ગતિએ આવવા લાગ્યો છે. સીઝનમાં ચોમાસાના વરસાદ પહેલા પિયતની સુવિધાવાળા ખેડૂતોએ કરેલ આગોતરા વાવેતરનો કપાસ અને મગફળીનો પાક તૈયાર થવા લાગતા ઘણાં ખરા ખેડૂતો કપાસ અને મગફળીનાં તૈયાર ઉત્પાદનોને તળાજા માર્કેટીંગ યાર્ડમાં હરરાજીમાં લાવવા લાગ્યા છે.આ રીતે છેલ્લા અઠવાડિયાથી તળાજા માર્કેટિંગ યાર્ડમાં હરાજીમાં કપાસ અને મગફળીની આવક ઉપરાંત બાજરી, ઘઉં અને તલનો જથ્થો પણ આવવો થઈ ગયો છે.

તળાજા માર્કેટીંગ યાર્ડમાં હાલ કપાસના સરેરાશ ૧૫૦ થી ૨૦૦ થી પોટકા આવી રહ્યા છે જેનો ગુણવત્તા મુજબ રૂપિયા ૯૫૦ થી ૧૫૫૦ ઉપજી રહ્યા છે તેમજ પ્રારંભિક દિવસોમાં સરેરાશ અંદાજિત ૫૦૦ થી ૭૦૦ ગુણી મગફળી આવી રહી છે. અને હાલ કવોલીટી પ્રમાણે મગડી સિંગ મણે રૂ. ૧૧૫૦ થી ૧૩૫૦ અને જી ૨૦ ના ક્વોલિટી પ્રમાણે રૂપિયા ૯૦૦ થી ૧૧૬૦ મળવા લાગતા હવે ધીમે ધીમે આગામી સમયમાં તળાજા માર્કેટ યાર્ડમાં હરરાજીમાં કપાસ અને મગફળી તેમજ અન્ય ખેત જણસીઓ લાવવાનું પ્રમાણ વધતુ જશે તેમ જણાવાય રહ્યું છે.

તળાજા તાલુકાનાં કુલ ચોમાસુ વાવેતરમાં મગફળી અને કપાસનો હિસ્સો સૌથી વધુ છે. ચાલુ સાલ ચોમાસુ સિઝનમાં તાલુકામાં મુખ્યત્વે મગફળીનુ વાવેતર ૨૪,૪૭૪ હેકટરમાં, કપાસનુ વાવેતર ૧૯,૮૩૫ હેક્ટરમાં, બાજરીનુ ૧,૭૩૭ હેક્ટરમાં તથા ફળપાકોનું ૪,૬૯૨ હેક્ટરમાં વાવેતર થયેલ છે. જોકે તાજેતરના વધારે વરસાદને કારણે ખેડૂતોને મગફળી અને કપાસના પાકમાં રોગ જીવાતોથી ઉત્પાદન પર થતા નુકસાનની સ્થિતિનો સામનો કરી રહ્યા છે. છતાં હવે વરસાદ વિરામ અને સાનુકૂળ વાતાવરણ સર્જાય તો પાકને થતું નુકસાન ઘટાડી શકાશે.

# જે હોસ્પિટલો રજિસ્ટ્રેશન ન કરાવે ત્યાં રેડ કરોઃ હાઇકોર્ટ

## સંસ્થાઓ માટે નોંધણી ફરજિયાત કરવા, જરૂર પડે તો સીલ મારવા સૂચના



માંડલ અંધાપાકાંડ મામલે થયેલી સુઓમોટોમાં રિટની સુનાવણીમાં ચીફ જસ્ટિસ સુનિતા અગ્રવાલ અને જસ્ટિસ પ્રણવ ત્રિવેદીની ખંડપીઠે રાજ્ય સરકારને તાકીદ કરી હતી કે જે ક્લિનિકલ એસ્ટાબ્લિશમેન્ટ અથવા તો હોસ્પિટલ્સ કાયદા મુજબ રજિસ્ટ્રેશન માટે સામે ન આવે તો તેમને શોધીને તેમની સામે કાર્યવાહી કરવાના પગલાં લેવામાં આવે. આ અંગે શું કાર્યવાહી કરવામાં આવી તેની માહિતી આગામી સુનાવણી કોર્ટ સમક્ષ રજૂ કરવાની રહેશે. કેસની વધુ સુનાવણી દિવાળી વેકેશન બાદ રાખવામાં આવી છે.

કેસની સુનાવણી દરમિયાન કોર્ટ મિત્ર તરફથી કહેવામાં આવ્યું હતું કે, કોઇ પણ મેડિકલ સંસ્થા રજિસ્ટર્ડ ન હોય તો તેને બંધ કરી દેવી જોઇએ. આવી કડક કાર્યવાહી સિવાય આવી ઘટનાઓ બંધ જ નહીં થાય. સરકારે કહ્યું હતું કે,૮૦૦થી વધુ સંસ્થાઓએ રજિસ્ટ્રેશન માટે અરજી કરી છે.થ ત્યારે કોર્ટે કહ્યું હતું કે,પરંતુ તમે સંસ્થાઓ માટે ફરજિયાત કરો કે જો તેઓ નિયત સમય સીમામાં રજિસ્ટ્રેશન નહીં કરાવે તો ક્લિનિકલ એસ્ટાબ્લિશમેન્ટ ચલાવી શકશો નહીં, અન્યથા એના પરિણામો પણ ભોગવવા પડશે રાજ્ય સરકારે કહ્યું હતું કે અમે ફરી એકવાર આ જાહેરાત કરીશું.

ખંડપીઠે ટકોર કરી હતી કે,સરપ્રાઇઝ ઇન્સ્પેક્શન કરીને જેણે રજિસ્ટ્રેશન ન કર્યું હોય તેની સામે કાર્યવાહી કરો. જેથી બીજાને પણ દાખલો મળે. એએમસી પાસે તમામનું લિસ્ટ છે. ઓથોરિટીએ રેઇડ પાડવી પડે તો તેનાથી બધાને મેસેજ મળશે. હોસ્પિટલ કે ક્લિનિક બંધ કરવાની જરૂર નથી પરંતુ તેઓ રજિસ્ટ્રેશન ન કરાવે તો તેમને સીલ લગાવવામાં આવે.ત્યારબાદ કોર્ટે આદેશમાં નોંધ્યું હતું કે,સરકારે જણાવ્યું છે કે ઓનલાઇન રજિસ્ટ્રેશનની કાર્યવાહી ચાલી રહી છે અને ક્લિનિકલ એસ્ટાબ્લિશમેન્ટ્સ રજિસ્ટ્રેશન માટે સામે આવી રહ્યા છે અને આ માટેની કમિટી કાર્યરત છે. તમામ હોસ્પિટલો અને એસ્ટાબ્લિશમેન્ટનું કાયદા મુજબ રજિસ્ટ્રેશન કરવામાં આવશે. જે સંસ્થાઓ રજિસ્ટ્રેશન માટે સામે નહીં આવે તેમને શોધવાની કામગીરી શોર્ટેસ્ટ ટાઇમમાં કરવામાં આવશે. સરકાર દ્વારા આ મામલે શું પગલાં લેવામાં આવ્યા એ અંગેની માહિતી આગામી સુનાવણીએ કોર્ટ સમક્ષ રજૂ કરવાની રહેશે.માંડલ અંધાપાકાંડ મામલે થયેલી સુઓમોટોમાં રિટની સુનાવણીમાં ચીફ જસ્ટિસ સુનિતા અગ્રવાલ અને જસ્ટિસ પ્રણવ ત્રિવેદીની ખંડપીઠે રાજ્ય સરકારને તાકીદ કરી હતી કે જે ક્લિનિકલ એસ્ટાબ્લિશમેન્ટ અથવા તો હોસ્પિટલ્સ કાયદા મુજબ રજિસ્ટ્રેશન માટે સામે ન આવે તો તેમને શોધીને તેમની સામે કાર્યવાહી કરવાના પગલાં લેવામાં આવે. આ અંગે શું કાર્યવાહી કરવામાં આવી તેની માહિતી આગામી સુનાવણી કોર્ટ સમક્ષ રજૂ કરવાની રહેશે. કેસની વધુ સુનાવણી દિવાળી વેકેશન બાદ રાખવામાં આવી છે.

# ૨૧ ઓક્ટોબરે રાજકોટ મનપાના પ્રથમ બોન્ડનું લીસ્ટીંગ

## ૧૦૦ કરોડ એકત્ર કરી ડીઆઇ પાઇપલાઇન સહિતના પ્રોજેકટમાં ઉપયોગ કરાશેઃ સેબી અને સ્ટોક એકસચેંજમાં મેમોરેન્ડમ રજૂ



રાજકોટ, તા.૧૩

રાજકોટ મહાપાલિકા આર્થિક રીતે પગભર બનવા નવી સ્વાવલંબી દિશા તરફ આગળ વધી રહી છે. જેના ભાગરૂપે લાંબા સમયથી ચાલતી પ્રક્રિયાના ભાગરૂપે ૧૦૦ કરોડના બોન્ડ ઇસ્યુ કરવા સૌપ્રથમ વખત સેબી અને સ્ટોક એકસચેંજમાં પ્લેસમેન્ટ મેમોરેન્ડમ ફાઇલ કરવામાં આવ્યું છે. સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓ આત્મનિર્ભર બને તેવા હેતુથી કેન્દ્ર અને રાજય સરકાર દ્વારા રૂા. ૧૩ કરોડનું ઇન્સેન્ટીવ પણ આપવામાં આવશે તેવું જાહેર કરવામાં આવ્યું છે. મનપાનું બોર્ડ ઇસ્યુ ભરાય એટલે આ નાણાનો ઉપયોગ પીવાના પાણીના નવા નેટવર્ક સીવેજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ સહિતના કામોમાં કરવામાં આવશે. શહેરના વિકાસ માટેની નીતિ અને નાણાંકીય વ્યવસ્થા સુધારવા માટે મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા રકમ રૂ. ૧૦૦ કરોડના બોન્ડ ઇશ્યુ કરવા સેબી અને સ્ટોક એકસચેન્જ (એનએસઇ) માં પ્લેસમેન્ટ મેમોરેન્ડમ ફાઇલ કરવામાં આવેલ છે. મહાનગરપાલિકાનો મ્યુનિસિપલ બોન્ડ પ્રાઇવેટ પ્લેસમેન્ટ હેઠળ ભરવા પાત્ર છે પરંતુ સ્ટોક એકસચેન્જમાં નોંધાયેલ કયુઆઇબી અને નોન કયુઆઇબી દ્વારા ઇબીપી પ્લેટફોર્મ મારફત તા. ૧૬ ઓક્ટોબરના રોજ બીડીંગ કરી શકશે અને આવેલ બીડીંગના આધારે નક્કી કરવામાં આવેલ રોકાણકારને તા. ૧૮ ઓક્ટોબરના રોજ મ્યુનિસિપલ બોન્ડનું અલોટમેન્ટ કરવામાં આવશે. વધુમાં મહાનગરપાલિકાના મ્યુનિસિપલ બોન્ડનું લીસ્ટીંગ તા. ૨૧ ઓક્ટોબરના રોજ કરવામાં આવનાર છે.

કેન્દ્ર સરકાર દ્વારા પણ રાજયોની નગરપાલિકા અને મહાનગરપાલિકા આત્મનિર્ભર થાય એ હેતુ માટે રૂ. ૧૩ કરોડ (મહતમ રૂ. ૨૬ કરોડ) પ્રતિ રૂ. ૧૦૦ કરોડના બોન્ડ ઇશ્યુ માટે પ્રોત્સાહન રૂપે ઇન્સેંટીવ પણ આપવામાં આવે છે. રાજકોટ કોર્પો.નો મ્યુનિસિપલ બોન્ડ બહાર પાડવાનો આ પ્રથમ પ્રયાસ હોય, મ્યુનિસિપલ બોન્ડ બહાર પાડતા કેન્દ્ર સરકાર તરફથી રકમ રૂ.૧૩ કરોડ ઇન્સેંટીવ પણ મળવાપાત્ર થશે.

મહાનગરપાલિકાનો આ મ્યુનિસિપલ બોન્ડ સિકયોર્ડ બોન્ડ રહેશે. જેમાં મનપાના હાલના તેમજ ભવિષ્યના તમામ ઓન રેવન્યુના બાકી લેણા, તમામ પ્રકારના વેરા, ફી અને યુઝર ચાર્જીસનું એસ્ક્રો એકાઉન્ટ મારફત કલેકશન, રકમ રૂ. ૧૦ કરોડની ફિકસ ડિપોઝિટ, એક વર્ષના વ્યાજની ચુકવણીનું ડીએસઆરએ તરીકે રિઝર્વ જેવી સીકયુરીટી તરીકે રાખવામા આવનાર છે.

રાજકોટ મનપાને તરફથી ક્રીસીલ રેટીંગ એજન્સી તરફથી ક્રીસીલ એએ અને ઈન્ડિયા રેટીંગ એજન્સી તરફથી આઇએનડી એએ રેટીંગ આપવામાં આવેલ છે. આ મ્યુનિસિપલ બોન્ડના નાણાંનો ઉપયોગ અમૃત ૨.૦ હેઠળ ડી.આઇ. પાઇપલાઇન નેટવર્ક, સીવેજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ, સીવેજ નેટવર્ક વગેરે પ્રોજેકટસ માટે કરવામાં આવશે તેમ ચીફ એકાઉન્ટન્ટ દ્વારા જણાવવામાં આવ્યું છે.

# જમ્મુ-કાશ્મીરમાં ૧૫૦ આતંકી ઘૂસણખોરીની ફિરાકમાં

## કોઈ પણ ઘૂસણખોરીનો જડબાતોડ જવાબ આપવા માટે જવાનો એલર્ટ, પાક.ના ઈરાદા સફળ નહીં થવા દઈએ : બીએસએફ



રાજકોટ,તા.૧૩

પાકિસ્તાન ફરી કારગિલમાં ઘૂસણખોરી કરી હતી તેવી જ ઘૂસણખોરી કરવાની ફિરાકમાં હોવાના સંકેતો મળી રહ્યા છે. બોર્ડર સિક્યોરિટી ફોર્સ (બીએસએફ)એ એલઓસી પાર પાકિસ્તાન તરફ ૧૫૦ આતંકવાદીઓ ભારતમાં ઘૂસવાની ફિરાકમાં હોવાની ચેતવણી આપી છે. શિયાળાનો સમય શરૂ થવા જઈ રહ્યો છે. આ સમયગાળામાં જમ્મુ કાશ્મીરમાં હિમવર્ષા થતી હોય છે તે પહેલા જ પાકિસ્તાન મોટા પ્રમાણમાં આતંકીઓ ઘૂસાડવાની તૈયારીમાં હોવાના અહેવાલો સૈન્યને મળ્યા છે. ભારતના વિદેશ મંત્રી એસ. જયશંકર શાંઘાઈ સહયોગ સંગઠનના સમ્મેલનમાં ભાગ લેવા માટે પાકિસ્તાન જવાના છે. એવા સમયે આ અહેવાલો સામે આવ્યા છે. ૧૯૯૯માં તત્કાલીન વડાપ્રધાન અટલ બિહારી વાજપેયીએ શાંતિનો સંદેશો લઈને લાહોર સુધી બસ યાત્રા કરી હતી. જે બાદ પાકિસ્તાને કારગિલ યુદ્ધ છેડી દીધુ હતું. એવામાં હાલ જ્યારે ભારતના વિદેશ પ્રધાન પાકિસ્તાન જઈ રહ્યા છે ત્યારે સમગ્ર એલઓસી પાસે ૧૫૦થી વધુ આતંકીઓ સક્રિય હોવાની માહિતી સૈન્યને મળી છે. તેથી શું પાકિસ્તાન ફરી કારગિલ યુદ્ધની તૈયારી કરી રહ્યું છે તેવા સવાલો હાલ ચર્ચામાં આવ્યા છે. શ્રીનગરમાં પત્રકારોની સાથે વાતચીત દરમિયાન બીએસએફના ઈન્સ્પેક્ટર જનરલ (કાશ્મીર ફ્રન્ટ) અશોક યાદવે કહ્યું હતું કે એલઓસી પાર કેટલા આતંકીઓ છે તેની અમારી પાસે માહિતી છે, આ માહિતીના આધારે જ કોઈ પણ પ્રકારની ઘૂસણખોરીને નિષ્ફળ બનાવવામાં અમને સફળતા મળે છે. પાકિસ્તાન તરફથી કોઈ પણ પ્રકારની ઘૂસણખોરીનો પ્રયાસ થશે તો આકરો જવાબ આપવામાં આવશે.

સામાન્ય રીતે એલઓસી પાસે ૧૩૦થી ૧૫૦ જેટલા આતંકીઓ હોવાની માહિતી મળી છે પરંતુ તેનાથી વધારે પણ હોઈ શકે છે.

આ સાથે જ તેમણે નાર્કોટેરિઝમ અંગે પણ માહિતી આપી હતી, તેમણે જણાવ્યું હતું કે સમગ્ર એલઓસી પાસે પાકિસ્તાન તરફથી ડ્રગ્સ ઘૂસાડવાના પ્રયાસો થઈ રહ્યા છે. આ ડ્રગ્સના બદલામાં જે નાણા મળે છે તેનો ઉપયોગ આતંકવાદમાં થાય છે.

એવા પણ અહેવાલો છે કે જમ્મુ કાશ્મીરમાં તાજેતરમાં શાંતિપૂર્ણ રીતે ચૂંટણી યોજવામાં આવી હતી જેને કારણે પાકિસ્તાનના પેટમાં તેલ રેડાયું છે અને આ શાંતિને ડોળવા માટે આતંકીઓને ઘૂસાડવા માગે છે.

બીએસએફના આઈજીએ કહ્યું હતું કે સરહદ પાસેના કેટલાક ગામડાઓ સંવેદનશિલ છે. ખાસ કરીને તંગધાર અને કેરણ સેક્ટરમાં સ્થિતિ ચિંતાજનક હોઈ શકે છે. આ વિસ્તારમાં અમે મોબાઈલ બન્કર તૈનાત કર્યા છે. એટલુ જ નહીં આ વિસ્તારમાં મહિલા જવાનોને પણ તૈનાત કરવામાં આવી છે કેમ કે અમને એવી માહિતી મળી છે કે ડ્રગ્સ તસ્કરો મહિલાઓને ડ્રગ્સ આપવા માટે મોકલી શકે છે. હાલમાં જવાનોને સરહદે યુદ્ધની સ્થિતિમાં પહોંચી વળવા માટે પરંપરાગત હથિયારી તાલિમની સાથે આધુનિક ટેકનોલોજીની તાલિમ પણ આપવામાં આવી છે.

# જામકંડોરણા પંથકના આંચવડ ગામે ગુમાવ્યો સપૂત પંથકમાં ઘેરો શોક

■ ''ભારતના સપૂત – શહીદને સલામ''

(અમુ સિંગલ દ્વારા)

જામકંડોરણા,તા.૧૩




રાજકોટ જિલ્લાના જામકંડોરણા તાલુકાના આંચવડ ગામના અગ્નિવીર સૈનિક વિશ્વરાજસિંહ ગોહિલ દેવલાલી(નાસિક) ખાતે ફરજ બજાવતા શહીદ થતા દેશસેવામાં જીવન સમર્પિત કરનાર વીર શહીદ જવાનનો પાર્થીવ દેહ માદરે વતન આંચવડ ગામ જતા પહેલા ક્ષત્રીય સમાજ વાડી-જામકંડોરણા ખાતે લાવતા કેન્દ્રીયમંત્રીશ્રી મનસુખભાઈ માંડવીયા તેમજ રાજ્ય સરકારના મંત્રીશ્રી ભાનુબેન બાબરીયા તેમજ ધારાસભ્ય જયેશ રાદડીયા,કલેક્ટરશ્રી અને જીલ્લા પોલીસના અધીકારીઓ અને ગ્રામજનોએ શહીદ વીર જવાન વિશ્વરાજસિંહને પુષ્પાંજલી અર્પણ કરીને એમના પરીવારજનોને સાંત્વના પાઠવીને આંચવડ ગામે વીર જવાન વિશ્વરાજસિંહને અશ્રુભિની અંતિમ વિદાય આપી.

# પ્રયાગરાજ રેલ્વે સ્ટેશન પર બ્લોકથી રાજકોટ ડિવિઝનની ચાર ટ્રેનો પ્રભાવીત



રાજકોટ,તા.૧૩

પ્રયાગરાજ સ્ટેશન પર યાર્ડ રિમોડલિંગના કામને લીધે, રાજકોટ ડિવિઝનમાંથી પસાર થતી કેટલીક ટ્રેનો પ્રભાવિત થઈ છે. ઉત્તર મધ્ય રેલવેના પ્રયાગરાજ સ્ટેશન પર યાર્ડ રિમેડલિંગ અને રૂટ રિલે ઈન્ટરલોકિંગ () ને ઈલેક્ટ્રોનિક ઈન્ટરલોકિંગ () માં રૂપાંતરિત કરવાની કામગીરી ના લીધે, રાજકોટ ડિવિઝનમાં થી પસાર થતી કેટલીક ટ્રેનો પ્રભાવિત થશે.

પ્રભાવિત થનાર ટ્રેન...૧) ૧૬ ઓક્ટોબર, ૨૦૨૪ની ટ્રેન નંબર ૦૯૫૨૫ હાપા-નાહરલાગુન સ્પેશિયલ. ૨) ૧૯ ઓક્ટોબર, ૨૦૨૪ની ટ્રેન નંબર ૦૯૫૨૬ નાહરલાગુન-હાપા સ્પેશિયલ. પરિવર્તિત માર્ગ પર ચાલનારી ટ્રેનો. ૧) ૧૭ ઓક્ટોબર, ૨૦૨૪ની ટ્રેન નંબર ૨૨૯૬૯ ઓખા-બનારસ સુપરફાસ્ટ એક્સપ્રેસ ને પરિવર્તિત માર્ગ વાયા જંઘઈ - લખનૌ - કાનપુર સેન્ટ્રલ ના માર્ગ પર ચલાવવામાં આવશે. ૨) ૧૯ ઓક્ટોબર, ૨૦૨૪ની ટ્રેન નંબર ૨૨૯૭૦ બનારસ-ઓખા સુપરફાસ્ટ એક્સપ્રેસ ને પરિવર્તિત માર્ગ વાયા કાનપુર સેન્ટ્રલ-લખનૌ-જંઘઈ ના માર્ગ પર ચલાવવામાં આવશે. ટ્રેનોના સમય, સ્ટોપેજ અને રચના વિશે વિગતવાર માહિતી માટે, મુસાફરો કૃપા કરીને મુલાકાત લઈ શકે છે.

# વિકાસ સપ્તાહ અંતર્ગત બોટાદના જિલ્લા વિકાસ અધિકારી સાથે ટોક શોનું આયોજન

■ **કવિશ્રી બોટાદકર કોલેજ ખાતે વિવિધ શાખાના અધિકારીઓ, સર્જકો, વિચારકો, પ્રોફેસરો અને લાભાર્થીઓની હાજરીમાં ચર્ચા**

(સામના મિરર, સંવાદદાતા)

બોટાદ, તા. ૧૪: સંવાદ અને સરકારશ્રીના ૨૩ વર્ષના શ્રેષ્ઠ સુશાસનની વિવિધ યોજનાઓ અને પ્રજાની સુખાકારી



અને દરેક ક્ષેત્રમાં વિકાસની શ્રેષ્ઠ કામગીરી અને એની માહિતીનું વહન કરવાનો શ્રેષ્ઠ પ્રયાસ આ ટોક શો દ્વારા કરવામાં આવ્યો. ટોક શોનું સંચાલન,સંવાદ અને પ્રશ્નોતરી શ્રેષ્ઠ એન્કર શ્રી પ્રવીણભાઈ ખાચર દ્વારા કરવામાં આવી હતી તો સામે બોટાદના નાગરીકો, પ્રોફેસરો અને વિચારકો સાથે લાભાર્થીઓએ પણ આ સંદર્ભે જિલ્લા વિકાસ અધિકારીશ્રીને ઉત્તમ પ્રશ્નો પુછ્યાં હતાં ત્યારે તેમણે દરેક માહિતી આપી સૌને વિવિધ યોજનાઓથી માહિતગાર કર્યા હતાં. સમગ્ર ટોક શો માટે શ્રી મૌલેશભાઈ સોલંકી, શ્રી અનિરુદ્ધભાઈ ખાચર તથા કવિ કોલેજના સાદગીપૂર્ણ પ્રિન્સીપલશ્રી અનિરુદ્ધસિંહ મકવાણા સર, તથા બોટાદના ખૂબ લોકપ્રિય સ્ટેજ સંચાલન અને નેશનલ એવોર્ડિત શિક્ષક તથા શ્રેષ્ઠ

## ઊનામાં ભુતડા દાદા ગરમી મંડળ અને એસી ગ્રુપ દ્વારા શસ્ત્ર પૂજન



ઊના શહેર અને સમગ્ર જિલ્લામાં પ્રખ્યાત મહિલા સંચાલિત દીપાબેન બાંભણિયા દ્વારા ભુતડા દાદા ગરબી મંડળ અને એસી ગ્રુપ દ્વારા પરંપરાગત શસ્ત્ર પૂજન કરવામાં આવ્યું જેમા મોટી સંખ્યામાં બહેનો જોડાયા સમગ્ર એસી ગ્રુપ મિત્ર મંડળ પણ હાજર રહ્યા હતા. શસ્ત્ર પૂજન કરી અને આરતી પણ કરવામાં આવી જેમાં મનોજભાઈ બાંભણિયા મહેક ભાઈ બાભણીયા દીપાબેન બાભણીયા તેમનું સહ પરિવાર દ્વારા શસ્ત્ર પૂજન કરવામાં આવ્યું હતું ત્યારબાદ બહેનો દ્વારા રાસ ગરબા રમવામાં આવ્યા હતા ઉસ્વ ઉજવવામાંઆવ્યોહતો

## ટ્રક ચાલકે પાછળથી ઠોકર મારતા ST બસના ડ્રાઈવરનુ મોત

જૂનાગઢઃ માળિયાહાટીના તાલુકાના ભંડુરી નજીક ગત રાત્રે સોમનાથ-રાધનપુર રૂટની બસના ચાલક બસ સાઈડમાં ઉભી રાખી પાછળ અવાજ આવતો તે ચેક કરવા ગયા ત્યારે પાછળથી ટ્રક ચાલકે ઠોકર મારતા ડ્રાઈવર બંને વાહન વચ્ચે છુંદાઈ ગયા હતા. તેનું ઘટના સ્થળે જ મોત થયું હતું. આ બનાવથી ગમગીની વ્યાપી ગઈ હતી. આ અંગે ફરિયાદ થતા પોલીસે વધુ કાર્યવાહી હાથ ધરી છે. આ અંગેની વધુ વિગત મુજબ, રાધનપુર ડેપોમાં ડ્રાઈવર તરીકે ફરજ બજાવતા સૈફીમહમદ નુરમામદ સિપાઈ તથા કંડક્ટર ગુલમહમદ ઉમરભાઈ મનસુરી ગત રાત્રે સોમનાથથી રાધનપુર રૂટની બસ લઈ નીકળ્યા હતા. વેરાવળ તથા ગડુ સ્ટોપ બાદ ભંડુરી નજીક બસના પાછળના ભાગે કંઈક અવાજ આવતો હોવાથી ડ્રાઈવર સૈફીમહમદભાઈએ બસ સાઈડમાં રાખી ચારેય ઈન્ડીકેટર ચાલું કરી પાછળના ભાગે તપાસ કરવા ગયા હતા. તેઓ પાછળ ચેક કરતા હતા ત્યારે અચાનક ટ્રક ચાલકે બસની પાછળના ભાગે ઠોકર મારી હતી. જોરદાર અવાજ આવતા બસમાં સવાર કંડક્ટર તેમજ મુસાફરો ઉતરી ગયા હતા.

## વિરપુર પંથકમાં ગતરાતે પડેલ ભારે વરસાદને કારણે ખેડૂતોનો મગફળી સહિતના પાકના પાથરા વરસાદી પાણીમાં તણાયા

■ **વીરપુરના પીઠડીયા ગામે ભારે વરસાદને કારણે મગફળી પાકના પાથરા પાંચ કિમિ દૂર પાણીના નાલામાં વહી ગયા**



(સામના મિરર, સંવાદદાતા)

વિરપુર, તા. ૧૪: યાત્રાધામ વીરપુર પંથકના ખેડૂતો માટે વરસાદ આફત બનીને આવ્યો હતો. પંથકના પીઠડીયા, કાગવડ સહિતના ગામોમાં એક કલાકમાં વાદળું ફાટ્યું હોય તેવો વરસાદ વરસતા ખેતરમાં તૈયાર મગફળીના પાથરા તેમજ સોયાબીન તણાઈ ગયા,ભારે પવનને કારણે કપાસ ભાંગી ગયો. ખેડૂતો પાસે હવે કઈ બચ્યું ન હોવાથી શિયાળું પાકનું વાવેતર પણ મુશ્કેલ બન્યું છે.જેથી સરકાર નુકશાનીનો તાત્કાલિક સર્વે કરી સહાય ચૂકવે તેવી ખેડૂતો માંગ કરી રહ્યા છે.

વીરપુર પંથકમાં ગતરાતનું માવઠું આફત બનીને આવ્યું હતું. વાદળું ફાટ્યું હોય તેટલો વરસાદ એક કલાકમાં જ વરસતા પીઠડીયા અને કાગવડ ગામની સીમ વિસ્તારની અંદાજીત ૪૦૦ થી ૫૦૦ વિઘા જમીનનો મગફળી, કપાસ, સોયાબીન તૈયાર થઈ ગયેલ પાક વરસાદી પાણીમાં તણાઈ ગયો અને બચ્યો તે ભારે પવનમાં ભાંગી ગયો હતો. સીમ વિસ્તારના ખેતરોમાં હજુ ગોઠણ ડૂબ પાણી ભરેલા છે અને તેમાં મગફળીના બચ્યા કુચ્યા તૈયાર પાથરા વેરવિખેર પડેલ છે. અને આવા ખેતરોમાં હાલ અંદર જઈ શકાય તેવી શકયતા નથી. આ અંગે પીઠડીયાના ખેડૂત હકુભાઈ ગોંડલીયા તેમજ મહેન્દ્રભાઈએ 'સામના મિરર'ને જણાવેલ કે અમે ખેતરના કાઢીયાના પાણીમાંથી તણાઈ ગયેલ મગફળીના પાથરા નાલામાં વિણીને જે કઈ મજૂરીના નીકળે તેનો પ્રયાસ કરી રહ્યા છીએ. અમોએ તો ખેડૂત સાથે ભાગમાં ખેતર વાવવા રાખ્યું હોય એટલે અમારે જે ઉપજ થાય તેમાંથી ભાગ લેવાનો હોય. પાક તો થયો પરંતુ માવઠામાં તણાઈ જતા અમારે તો છેલા ત્રણેક મહિનાની કાળી મહેનતનું વણતર તણાઈ ગયું. હવે અમારે શું કરવું જ્યારે જેનું ખેતર છે તે હકુભાઈ ગોંડલીયાએ 'સામના મિરર'ને જણાવેલ કે, અમારો તો મગફળીનો તમામ પાક તણાઈ ગયો હવે અમારે શિયાળું પાકનું વાવેતર કેમ કરવું કેમ કે અમારી પાસે જે કઈ બચત હતી તે આ વખતે પાકની માવજતમાં વપરાય ગઈ. એટલે અમારે હવે તો શિયાળું પાકનું વાવેતર પણ કેમ કરવું તે એક પ્રશ્ન ઉભો થયો છે. જેથી સરકાર તાત્કાલિક અમારી નુકશાનીનો સર્વે કરી સહાય કરે તો જ અમો શિયાળું પાકનું વાવેતર કરી શકીશું.

# રાજકોટના યુવા ભાજપ મંત્રી શ્રી જય બોરીચાનો જન્મદિવસ 'જે માડી' ગરબીની બાળાઓને ભોજન પ્રસાદ કરાવી ઉજવણી કરાઈ




**(સામના મિરર, સંવાદદાતા)**

રાજકોટ, તા. ૧૪: નવરાત્રી એટલે માં આદ્યા શક્તિની આરાધનાનું પર્વ રાજકોટમાં શેરીએ શેરીએ ગરબી માં નવે નવ દિવસ બાળાઓ ગરબે ઘૂમી માતાજીની આરાધના કરે છે ત્યારે વર્ષોથી ‘‘જે માડી‘‘ ગ્રુપ દ્વારા છેલ્લા ૧૭ વર્ષથી રાજકોટની અનેક ગરબી મંડળની બાળાઓને પ્રસાદ અને લાણી રૂપે પ્રસાદ આવવામાં આવે છે રાજકોટ શહેર યુવા ભાજપ મંત્રી જય મેહુલભાઈ બોરીચાનો જન્મદિવસ નવરાત્રી દરમિયાન આવે છે ત્યારે ૧૧ના રોજ સાંજે બાળાઓને પ્રસાદ અને લાણીનું વિતરણ કરવામાં આવે છે, આજની જનરેશન કેક કાપી જન્મદિવસ ઉજવતી હોઈ છે પણ પરિવારના સંસ્કારો ને ઉજાગર કરતા જય મેહુલભાઈ બોરીચાએ પોતાનો જન્મદિવસ વોર્ડ નંબર ૧૧, ૧૨ અને ૧૩ ની તમામ ગરબીની બાળાઓને રાજકોટના નવલ નગર ૧૭/૩ ખાતે પ્રસાદ રૂપે જમવાનું અને લાણી વિતરણ કરી હતી, જેમાં પરિવારના લોકો નાથાભાઈ જુગાભાઇ બોરીચા, મેહુલ નાથાભાઈ બોરીચા, સંજય નાથાભાઈ બોરીચા, વિજય છગનભાઈ બોરીચા, સંજય છગનભાઈ બોરીચા, મયુર બાબુભાઈ બોરીચા, વિનય મેહુલભાઈ બોરીચા સ્મિત સંજયભાઈ બોરીચા, જેસલ સંજયભાઈ બોરીચા સાથે રહ્યા હતા અને સ્વ. વિક્રમભાઈ છગનભાઈ બોરીચા અને સ્વ. વિક્રમભાઈ આહાભાઈ બોરીચાના આશીર્વચન

# વીરપુરમાં ક્ષત્રિય ખાંટ રાજપૂત યુવા શક્તિ સંગઠન દ્વારા વિજયા દસમીના પાવન અવસરે શસ્ત્ર પૂજન કરાયું




(સામના મિરર, સંવાદદાતા) વિરપુર, તા. ૧૪ઃ વીરતાનો વૈભવ, શૌર્યનો શૃંગાર,પરાક્રમની પૂજા,ક્ષત્રિયોનો તહેવાર એટલે વિજયદશમીના પાવન પર્વ નિમિતે સૌરાષ્ટ્રના સુપ્રસિદ્ધ યાત્રાધામ વીરપુર જલારામ ખાતે ક્ષત્રિય ખાંટ રાજપૂત યુવા શક્તિ સંગઠન દ્વારા ક્ષત્રિય ખાંટ રાજપૂત સમાજની વાડી ખાતે સદીઓથી ચાલી આવતી ક્ષત્રિય સંસ્કૃતિ અને પરંપરાગત શાસ્ત્રોક્ત વિધિવત રીતે શસ્ત્ર પૂજન કરવામાં આવ્યું હતું.

જેમાં સમસ્ત ક્ષત્રિય રાજપૂત સમાજના યુવાનો અને આગેવાનો ઉપસ્થત રહ્યા હતા અને ધર્મ પરંપરાગત મુજબ શાસ્ત્રોક્ત વિધિથી શસ્ત્રોનું પૂજન અર્ચન કરવામાં આવ્યું હતું અને પૂજા દરમિયાન એવી પણ નેમ લેવામાં આવી છે કે જ્યારે જ્યારે આ દેશને જરૂ પડશે ત્યારે ક્ષત્રિયો ધર્મના રક્ષણ કાજે શસ્ત્રો ઉઠાવશે અને અધર્મ સામે લડશે તેવી પણ નેમ આ તકે ક્ષત્રિય રાજપૂત સમાજના યુવાનો દ્વારા લેવામાં આવી હતી તેમજ મહારાષ્ટ્ર સરકાર દ્વારા ગૌ માતાને રાજ્ય માતા જાહેર કર્યા તેવી જ રીતે ગુજરાત સરકાર પણ ગૌ માતાને રાજ્ય માતા જાહેર કરે તેવી માંગ ક્ષત્રીય રાજપૂત યુવાનો દ્વારા કરવામાં આવી હતી.

## ધ્રોલમાં દશેરા નિમિત્તે ક્ષત્રિય સમાજ દ્વારા શસ્ત્ર પૂજન



આજે દશેરા ના શુભ દિવસે ક્ષત્રિય સમાજ દ્વારા શસ્ત્ર પૂજનનું આયોજન કરવામાં આવ્યું હતુ જેમાં ધ્રોલ તથા નજીક ગામોમાંથી ભાઈઓ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા તેમજ ધ્રોલ શહેરમાં વસ્તા રાજપુત સમાજ ના ભાઈ ઓ માટે સાંજે મહાપ્રસાદ નું આ તકે આયોજન કરવામાં આવ્યું હતુ રાજપુત કરણીસેના તથા રાજપુત યુવા શક્તિ દ્વારા આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું સમાજ ના દરેક ભાઈ બહેન હાજર રહ્યા હતા.

## આગામી ફેબ્રુ.માં અયોધ્યામાં પૂ. મોરારીબાપુની રામકથાનું ભવ્ય આયોજન

રાજકોટ, તા.૧૨ઃ સદ્ભાવના વૃધ્ધાશ્રમ રાજકોટના લાભાર્થે આગામી તા.૨૩ નવે.થી ૧લી ડીસે. સુધી રેસકોર્ષ મેદાનમાં પૂ. મોરારીબાપુના વ્યાસાસનેમાનસ-સદ્ભાવ રામકથાનું ભવ્યાતિ ભવ્ય આયોજન કરવામાં આવેલ છે. ત્યારે પૂ. મોરારીબાપુની અયોધ્યામાં આગામી તા.૨૪ ફેબ્રુઆરીથી તા.૩જી માર્ચ સુધી માનસ-રામ મંદિર રામકથાનું ભવ્ય આયોજન કરવામાં આવેલ છે. અયોધ્યારામકથામાં પૂ. મોરારીબાપુનું અનમોલ સૂત્ર 'સબ કુછ છો છોડ દેના, કથા મત છોડના' રહેશે.વિશ્વ વિખ્યાત કથાકારપૂ. મોરારીબાપુની અયોધ્યામાં યોજાનાર રામકથાની તૈયારીઓ શરૂ થઈ ગઈ છે.

# શ્રી સ્વામિ નારાયણ હાઈસ્કૂલ લાઠીદડના મ.શિક્ષક જયંતીભાઈ ખોલકિયા સાહેબનો ભવ્ય નિવૃત્તિ સન્માન સમારોહ યોજાયો



(સામના મિરર, સંવાદદાતા) લાઠીદડ, તા. ૪ઃ જેમણે અનેક પ્રવૃતિ દ્વારા શાળાનું નામ રોશન કર્યુ છે ચાર એવોર્ડ મેળવ્યા હતા ચુંટણીમાં માસ્ટર ટ્રેનર.,બોટાદ જિ વ્યાયામ શિક્ષક સંઘ પ્રમુખ તરીકે હતા.

આ કાર્યક્રમ મા સંચાલક શ્રી કે.પી.સ્વામિ, ઉઊઘ વિક્રમસિહ પરમાર સાહેબ ઉજ્ઘ રોહિતસિહ પરમાર સાહેબ નાયબ પ્રાથમિક શિક્ષણાધિકારી મોરી સાહેબ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમને સફળ બનાવવા વ્યવસ્થાપક રસિકભાઈ ભુગાણી શાળા નાં આચાર્ય શ્રી ભરતભાઈ પચછમિયા તેમજ સમગ્ર કાર્યક્રમનું સંચાલન ભરતભાઈ ખાચરે કરેલ વિદાય ગીત સાંભળીને બહેનો રડવા લાગ્યા

# સોમનાથ મંદિર ટ્રસ્ટના મેનેજર વિજયસિંહ ચાવડા પરિવાર સાથે પાળીયાદ વિસામણબાપુની જગ્યામાં દર્શને



અહેવાલઃ કનુભાઈ ખાચર

(સામના મિરર, સંવાદદાતા) સોમનાથ મંદિર ટ્રસ્ટના સેક્રેટરી શ્રી યોગેન્દ્ર દેસાઈ સાહેબ તેમજ સોમનાથ મંદિર ટ્રસ્ટના મેનેજર શ્રી વિજયસિંહ ચાવડા પરિવાર સાથે પાળીયાદ પૂજ્ય શ્રી વિસામણબાપુની જગ્યામાં દર્શને આજરોજ તારીખ ૧૨/૧૦/૨૦૨૪ ને શનિવારના રોજ સોમનાથ મંદિર ટ્રસ્ટના સેક્રેટરી શ્રી યોગેન્દ્ર દેસાઈ સાહેબ તેમજ સોમનાથ મંદિર ટ્રસ્ટ ના મેનેજર શ્રી વિજયસિંહ ચાવડા પરિવાર સાથે પાળીયાદ પૂજ્ય શ્રી વિસામણબાપુની જગ્યામાં દર્શને આવેલ અને પરમ પૂજ્ય શ્રી શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર મહંત શ્રી નિર્મળાબાના દર્શન કરી પૂજ્ય શ્રી ભયલુબાપુની શુભેચ્છા મુલાકાત કરી પૂજ્ય ભયલુબાપુ દ્વારા દેસાઈ સાહેબ નું અને વિજયસિંહ ચાવડાનું ઠાકરની સ્મૃતિ આપી શાલ ઓઢાડીને સન્માન કરવામાં આવ્યું હતું ત્યારબાદ શ્રી બણકલ ગૌશાળા માં ગાય માતાને ગોળનો પ્રસાદ આપી જગ્યાની ભોજનાલય, અશ્વશાળા અને સંસ્થાની ચોખ્ખાઈ જોઈ સાહેબે ખૂબ રાજીપો વ્યક્ત કર્યો.

# વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ગુજરાતમાં દુષ્કાળની સ્થિતિ બની ભૂતકાળ

## તત્કાલીન મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના ગુજરાતના ગામે-ગામ નર્મદાના નીર પહોંચાડવાના નિર્ધાર થકી સૂકા ભઠ્ઠ જેવો લાગતો સુરેન્દ્રનગરનો વિસ્તાર આજે નંદનવન બન્યો


સુરેન્દ્રનગર જિલ્લામાં લખતર તાલુકાના ઢાંકી ગામે નિર્માણ પામ્યું છે દેશનું એન્જિનિયરીંગ માર્વેલ સમું, એશિયાનું સૌથી મોટું પમ્પિંગ સ્ટેશન

(સામના મિરર, સંવાદદાતા)

એક સમય હતો, જયારે સૌરાષ્ટ્રના અનેક ગામો પાણીની તંગી વચ્ચે ટળવળતા હતા. ગામડાની બહેનો એક બેડું પાણી ભરવા માટે કિલોમીટરો સુધી રઝળપાટ કરતી હતી. અગાઉના સમયમાં વરસાદ સહેજ ખેંચાય તો દુકાળના ડાકલા વાગતા. પરંતુ આજથી ૨૩ વર્ષ પહેલાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાત અને દેશનું સુકાન સંભાળ્યું ત્યારથી તેમના નેતૃત્વમાં દેશ અને વિશેષરૂપમાં ગુજરાતે અભૂતપૂર્વ વિકાસ સાધ્યો છે.

રાજ્ય સરકારે જનકલ્યાણને પ્રથમ પ્રાધાન્ય આપી પ્રજાની સુખાકારીમાં અવિરત વધારો કર્યો છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના દૂરંદેશીભર્યા આયોજનને લીધે ગુજરાતની સાથે સાથે સુરેન્દ્રનગર જિલ્લામાં પણ અભૂતપૂર્વ વિકાસ થયો છે. સૌરાષ્ટ્રનો ભૌગોલિક વિસ્તાર ઊંધી રકાબી જેવો હોવાથી અહીં પીવા તેમજ સિંચાઈના પાણીનો પ્રશ્ન કાયમી રહેતો. સૌરાષ્ટ્ર વિસ્તારમાં ટૂંકી લંબાઈ ધરાવતી નદીઓ છે. જેમાં બારેમાસ પાણી રહેતું નથી. સૌરાષ્ટ્રમાં પીવા તેમજ સિંચાઈ માટે પાણીની કાયમી માગ રહેતી હતી.

તત્કાલીન મુખ્યમંત્રી શ્રી તરીકે નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતના ગામે-ગામ નર્મદાના નીર પહોંચાડવાનો નિર્ધાર કર્યો હતો. તેમના વિઝન અનુસાર, ગુજરાત રાજયમાં વોટરગ્રીડ તૈયાર થઈ. જેના માટે અનેક પમ્પિંગ સ્ટેશનો ઉભા કરવાની જરૂરિયાત જણાઈ હતી. જેના ભાગરૂપે એશિયાનું સૌથી મોટું પમ્પિંગ સ્ટેશન સુરેન્દ્રનગર જિલ્લાના લખતર તાલુકાના ઢાંકી ગામે સ્થાપિત કરવામાં આવ્યું છે. જેનું લોકાર્પણ તત્કાલીન મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના વરદ હસ્તે ૨૦ માર્ચ, ૨૦૦૭ના રોજ કરવામાં આવ્યું હતું. ઢાંકી પમ્પિંગ સ્ટેશન ‘‘સૌની‘‘ યોજનાનું મહત્વનું કેન્દ્ર છે. અહીંથી પાણી સૌરાષ્ટ્ર અને કચ્છમાં મોકલવામાં આવે છે. અહીંયા વિશાળ પંપ એક સેકન્ડમાં ૨૦ હજાર લિટર પાણી છોડે છે, અને તે પ્રવાહથી વહીને આગળ સુધી પહોંચે છે.

સુરેન્દ્રનગર જિલ્લાનો છેલ્લા બે એક દાયકાનો વિકાસ જોઈએ તો, આ સમયગાળા દરમિયાન જિલ્લામાં પાણીની સમસ્યાના ઉકેલ માટે અનેક મહત્વના પ્રયાસો અને યોજનાઓનું અમલીકરણ થયું છે, જેના કારણે સુકાભઠ્ઠ પ્રદેશ એવા ઝાલાવાડમાં ભૂર્ગભ જળ સપાટીનું સ્તર નોંધપાત્ર રીતે ઉંચે આવ્યું છે. એક સમયે સુરેન્દ્રનગર જિલ્લો ઓછા વરસાદનાં કારણે ખેતી ક્ષેત્રે પછાત ગણાતો હતો, જે હવે નર્મદાના નીર આવવાથી કૃષિ ક્ષેત્રે આગળ પડતા જિલ્લા તરીકે ગણાવા લાગ્યો છે. સિંચાઈના પાણીની ઉપલબ્ધતા વધતા કૃષિ પ્રવૃત્તિને ઉત્તેજન મળ્યું છે. જેના પરિણામે ખેતપેદાશમાં પણ વધારો થયો છે.

ગુજરાત રાજયમાં નર્મદા કેનાલનો મોટો હિસ્સો સુરેન્દ્રનગર જિલ્લામાંથી પસાર થાય છે. તેમાં પણ નર્મદાની નહેરોનો મોટો હિસ્સો લખતર તાલુકામાંથી પસાર થાય છે. ત્યારે લખતર તાલુકાનાં ઢાંકી ગામે નર્મદા કેનાલ ઉપર નિર્માણ પામેલા પમ્પિંગ સ્ટેશન એ ભારત દેશનું એન્જિનિયરિંગ માર્વેલ છે અને જો આ વાતને બીજી રીતે કહીએ તો, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ નેવાના પાણી મોભે ચડાવ્યા છે. આજે આ પમ્પિંગ સ્ટેશનના કારણે કચ્છના છેવાડાના ગામ મોડકુબા સુધી પીવાનું પાણી પહોંચ્યું છે.

ઢાંકીથી ધોળીધજા ડેમ સુધી અંદાજિત ૭૧ મીટર એટલે કે ૨૪ માળ ઉંચા મકાન જેટલી ઊંચાઈએ નર્મદા નદીના નીર લિફ્ટ કરી પહોંચાડીને રાજ્ય સરકારે લોક સુખાકારી માટેની તેની પ્રતિબદ્ધતા દર્શાવી છે.

ઉલ્લેખનીય છે કે, ઢાંકી પમ્પિંગ સ્ટેશન બનાવ્યા બાદ સુરેન્દ્રનગર સૌરાષ્ટ્ર અને કચ્છનું પાણિયારૂં બની ગયું છે. દૂધરેજ પાસે અલગ અલગ સંપ બનાવીને છેક સૌરાષ્ટ્ર અને કચ્છ સુધી નર્મદાના નીર પહોચાડવામાં આવી રહ્યા છે. આમ, સુરેન્દ્રનગર જિલ્લો ભૌગોલિક વિષમતા તથા કુદરતી પ્રતિકૂળતાઓ ધરાવતો હોવા છતા સુશાસનનાં પથ પર ઉત્તરોત્તર પ્રગતિ કરી રહ્યો છે.





# નવરાત્રિ નિમિત્તે સુરતમાં અનોખી રીતે માતા નવદુર્ગાની આરાધના કરાઈ





- લવજિહાદ મુક્ત ભારત, સંગઠિત સનાતન સમાજ તથા ભારત નવનિર્માણ થાય એ હેતુ દુર્ગા માતા દોડનુ આયોજન
- સાંસ્કૃતિક રક્ષા સમિતિ સંચાલિત શ્રી માધવ ગૌશાળા આયોજીત તથા ધર્મવીર પ્રતિષ્ઠાન પ્રેરિત શ્રી દુર્ગા માતા દોડ

(સામના મિરર, સંવાદદાતા)

સુરત, તા. ૧૪ઃ સુરત શહેરના ઉધના પાંડેસરા તથા લિંબાયત વિસ્તારથી નવરાત્રિના નવ દિવસ દરરોજ વહેલી સવારેથી નીકળેલ આ દોડ દશેરાના મહાપર્વ નિમિત્ત ઉધના વિસ્તારે એકત્રિત થયેલ જ્યાં ૧૮૦૦થી વધુ ધર્મવીરો હાજર થયા તથા આ દોડનું ઉધના વિસ્તાર સ્થિત શ્રી માધવ ગૌશાળાએ સમાપન થયું હતું.

## ૭ માસની બાળકીનું ઝાડા-ઉલ્ટી બાદ મોત

રાજકોટ શહેરના કૃષ્ણનગર મેઈન રોડ ઉપર સમ્રાટ ઈન્ડસ્ટ્રીઝ વિસ્તારમાં ગોકુલધામ શેરી નંબર બે માં રહેતી સાત માસની રાધિકા રામ ભવન પ્રસાદને છેલ્લા બે ત્રણ દિવસથી ઝાડા ઉલટી થતા હતા, જેથી તેને લોકલ ક્લિનિકમાંથી દવા લીધી હતી, જેથી સારું થઈ ગયું હતું. પરંતુ આજે સવારે ૧૦૦૦ વાગ્યા આસપાસ બાળકને ઝાડા ઉલટી થયા હતા. જે બાદ ૧૧ વાગ્યે માતાએ ધાવણ આપ્યા બાદ બાળકીની તબિયત વધુ બગડી હતી, જેથી તેને જનરલ હોસ્પિટલમાં સારવાર માટે લાવવામાં આવતા ફરજ પરના તબીબોએ બાળકીનું મૃત્યુ નીપજ્યાનું જાહેર કર્યું હતું.

## ઝેરી દવા પી જતા વૃદ્ધનું મોત

શહેરના ૧૫૦ ફૂટ રીંગ રોડ ઉપર આફ્રિકા કોલોનીમાં રહેતા ૭૩ વર્ષીય વૃદ્ધ રમેશચંદ્ર લતીગરા ૧૨ ઓક્ટોબરના સવારે ૧૦૦૦ વાગ્યા આસપાસ સોની બજારમાં કેતન જ્વેલર્સની દુકાનમાં હતા, ત્યારે કોઈ કારણોસર ઝેરી દવા પી જતા સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. પરંતુ સારવાર દરમિયાન તેમનું મૃત્યુ નીપજ્યું હતું.

## આયુર્વેદિકના નામે વેચાતા નશાકારક પીણાંની ૧૯ બોટલ કબજે

જેતપુરઃ જેતપુર નગરપાલિકાની કચેરી સામે આવેલ ડી.વી. પાન નામની દુકાનમાં આયુર્વેદિક પીણાના નામે નશાકારક પ્રવાહીની બોટલો રાખતા હોવાની બાતમીને આધારે એલસીબીએ દરોડો પાડીને ૧૯ બોટલ કે જેની કિંમત ૨૮૫૦ થવા જાય છે તે કબ્જે કરી દુકાનદાર તેમજ સપ્લાયર સામે પ્રોહિબિશન હેઠળ ગુન્હો નોંધ્યો હતો. ઔધોગિક શહેર જેતપુરમાં દારૂનું હાટડાઓ ધમધમતા હોવાનું વર્ષોથી જગજાહેર છે. શહેરમાં પ્યાસીઓને જ્યારે અને જ્યાં જોઈએ ત્યાં દેશી વિદેશી પીણું મળી જ રહે છે. તે હદે નાશનો કારોબાર ચાલી રહ્યો છે અને જેતપુર સીટી પોલીસ સ્ટેશન, ઉદ્યોગનગર પોલીસ સ્ટેશન તેમજ તાલુકા પોલીસ સ્ટેશનમાં દરરોજ પ્રોહિબિશનના નોંધાતા ગુનાઓની સંખ્યા ઉપરથી કહી શકાય કે ઔધોગિક શહેર સાથે નશાનું શહેર પણ બની ગયું છે.

# ધોરાજીનાં વાળોદર ગામે જય જગ જનની ગરબી મંડળ ખાતે માતાજીની અનેરી આસ્થા સાથે આરાધના કરાઈ છે

(સામના મિરર, સંવાદદાતા)

ધોરાજી, તા. ૧૪ઃ ધોરાજી વાડોદર ગામ નાં લોકો એ જણાવ્યું હતું કે વાડોદર ગામે ખાતે જય જગ જનની ગરબી મંડળ વાડોદર ની રાજાશાહી વખત થી ચાલતી આવતી પ્રાચીન ગરબી છે ચાર હજાર ની વસ્તી ધરાવતા ગામ માં એક જ ગરબી થાય છે 'નાત જાત ના ભેદભાવ વગર તમામ દીકરી ઓ ગરબીમાં કોઈ પણ જાતની ફી વગર ભાગ લઈ શકે છે

આ ગરબીમાં પ્રાચીન માતાજી ના ગરબા પર જ રાસ તૈયાર કરવામાં આવે છે તમામ ગ્રામજનોના સહકારથી બાળા ઓ ને ભેટ આપવા માં આવે છે



નવરાત્રી મહોત્સવ દરમિયાન ગરબીમાં રાજુભાઈ ઉપાધ્યાય અને દર્શન મ્યાત્રા, અરજન જલુ સહિતના સંગીતનાં આરાધકો એ ગરબાની સંગીતનાં તાલે બાળાઓને ગરબે રમાડી હતી. આ પ્રાચિન ગરબી ને સફળ બનાવવા માટે રાજાભાઈ વિરડા, હાજાભાઈ ડાંગર, ભનુભાઈ ઝાલાવાડિયા, હરસુખભાઈ બેરા,ભૂપતભાઈ ધ્રાંગા,પિયુષ મ્યાત્રા, વિક્રમ ડાંગર , ભૂપત ડાંગર . પ્રફુલભાઈ ઝાલાવાડિયા જગમાલભાઈ ડાંગર કે.આર ડાંગર, વીરાભાઈ ચાવડા, કૃપાબેન ડાંગર સહિતનાં ગામજનોએ જહેમત ઉઠાવી હતી.

# દિવાળીએ શહેરોમાં ખરીદીનો મિજાજ છેલ્લા ૫ વર્ષમાં સૌથી શ્રેષ્ઠ

મુંબઈઃ આ તહેવારોની સિઝનમાં ખરીદી કરવા માટે શહેરી ગ્રાહકોનો મૂડ ૫ વર્ષમાં સૌથી ઊંચા સ્તરે છે. સપ્ટેમ્બરમાં તે ૨.૯% વધીને ૧૦૬ના સ્તરે પહોંચ્યો હતો. કોવિડ-૧૯ પછી પાંચ વર્ષમાં આ સર્વોચ્ચ સ્તરે છે. આટલા વર્ષોમાં ક્યારેય શહેરી ગ્રાહકોનો મૂડ આટલો સકારાત્મક રહ્યો નથી. તેના આધારે એવો અંદાજ લગાવવામાં આવી રહ્યો છે કે આ તહેવારોની સિઝનમાં શહેરી ગ્રાહકો પૂરા ઉત્સાહ સાથે ખરીદી કરવા બજારમાં જવા નીકળશે. સેન્ટર ફોર મૉનિટરિંગ ઈન્ડિયન ઈકોનોમી (સીએમઆઈઈ)ના તાજેતરના સરવેમાં આ વાત સામે આવી છે.

અગાઉ, ગ્રામીણ ગ્રાહકોએ છેલ્લા ૬ મહિનાથી દેશના ગ્રાહક મૂડને હકારાત્મક રાખવામાં વધુ યોગદાન આપ્યું હતું. રિપોર્ટ અનુસાર સપ્ટેમ્બર ૨૦૨૪માં પગારદાર શહેરીજનોની સંખ્યામાં ૩.૮%નો વધારો થયો છે. મૂડ પોઝિટિવ રહેવાનું આ એક મોટું કારણ છે. સેલ્ફ એમ્પ્લોયડ લોકો જેવા નોન-સેલેરી સેક્શનમાં સકારાત્મકતાનું સ્તર ઘટ્યું છે. આના પરથી સ્પષ્ટ થાય છે કે પગારદાર લોકો સામાન્ય રીતે શહેરોમાં જ હોય છે. તેથી, તેની અસર ત્યાંના મૂડમાં દેખાય છે. તેનાથી વિપરીત, ગ્રામીણ ગ્રાહકોનો મૂડ નકારાત્મક થઈ ગયો છે. વર્તમાન આર્થિક પરિસ્થિતિ અંગે ગ્રામજનોની હકારાત્મકતામાં ૨.૬% નો ઘટાડો જોવા મળ્યો હતો. રિપોર્ટ અનુસાર, પગારદાર વર્ગનું માનવું છે કે ગયા વર્ષની સરખામણીમાં આ વખતે તેમની આર્થિક સ્થિતિમાં સુધારો થયો છે. જે લોકો પરિસ્થિતિ વિશે નકારાત્મક હતા તેમની સંખ્યા ઓગસ્ટમાં ૭.૮% થી ઘટીને ૬.૪% થઈ ગઈ છે.



ગ્રાહકો માને છે કે ટીવી, ફ્રીજ અને એસી જેવા સામાન ખરીદવા માટે આ યોગ્ય સમય છે. આવુ માનનારાઓની સંખ્યા સપ્ટેમ્બરમાં ૨૯.૮% થઇ ગઇ છે, જે ઓગસ્ટમાં ૨૮.૨% હતી. વેતનભોગીમાં આ માનનારા સપ્ટેમ્બરમાં ૨.૯% થઇ ગઇ છે, જો ઓગસ્ટમાં ૩૦.૨% હતી.

રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (આરબીઆઈ)ના સરવેમાં એવું પણ કહેવામાં આવ્યું છે કે ગ્રાહકોના મૂડમાં જબરદસ્ત સકારાત્મકતા છે. સપ્ટેમ્બરનો આ સરવે ભોપાલ, જયપુર, રાયપુર, પટણા અને રાંચી સહિત દેશના ૨૧ શહેરોના લોકો વચ્ચે કરવામાં આવ્યો હતો.

આ સરવેમાં વર્તમાન આર્થિક સ્થિતિને ૫ માપદંડો પર ગણવામાં આવી હતી. જેમાં હતા- વર્તમાન આર્થિક સ્થિતિ, રોજગાર, ભાવ, આવક અને ખર્ચ. આ બધામાં જુલાઈ-૨૦૨૪ની સરખામણીમાં ગ્રાહકોનો મૂડ ઘણો સુધર્યો છે. રિપોર્ટ કહે છે કે, એકંદરે ગ્રાહક વિશ્વાસ સ્તર ૧૦૦ માર્કથી દૂર હોવા છતાં પરંતુ તમામ માપદંડો દર્શાવે છે કે પરિસ્થિતિ સુધરી રહી હોવાનો ઈશારો કરે છે.

ખાસ વાત એ છે કે ગ્રાહકોને લાગે છે કે આગામી એક વર્ષમાં પણ તેમની સ્થિતિ સારી રહેશે. તેમને એવું કોઈ કારણ દેખાતું નથી કે જેનાથી ભવિષ્યમાં પરિસ્થિતિ વધુ ખરાબ થઈ શકે. તેનો અર્થ એ છે કે તેઓને લાગે છે કે ભાવ આગળ પણ તેમના નિયંત્રણમાં રહેશે. રોજગારીની તકો ઉભી થશે. લોકો બજારમાં વધુ ખરીદી કરવા આવશે.

સીએમઆઈઈ અનુસાર, આગામી એક વર્ષમાં દેશની આર્થિક અને નાણાકીય સ્થિતિમાં સુધારો થવાનો છે તેવું માનતા ગ્રાહકોમાં ઝડપથી વધારો થયો છે. તેમની સંખ્યામાં ૫% નો વધારો થયો છે. લોકોએ સ્વીકાર્યું કે જીવનજરૂરી ચીજવસ્તુઓના ભાવમાં ઘટાડો થયો છે. ૧૨ મહિના પછી પણ કિંમતો ઓછી રહેશે.

# તળિયે પટકાયા બાદ રૂપિયો ડિસેમ્બર સુધીમાં સુધરશે

## ભારતમાં રેટ કટ સાઇકલ યુએસ કરતાં ધીમી રહેશે કારણ કે આપણો વિકાસ તુલનાએ મજબૂત

નવી દિલ્હીઃ ઑક્ટોબર મહિનામાં અત્યાર સુધી ડૉલર સામે ૦.૩૨ ટકાના ઘટાડા સાથે રૂપિયો તુટીને ૮૪.૦૯ના તળિયે પટકાયા બાદ, વર્તમાન ક્વાર્ટરમાં નાણાપ્રવાહને કારણે રૂપિયો હવે સ્થિર થવાની ધારણા છે અને ડિસેમ્બરના અંત સુધીમાં તે લગભગ રૂ. ૮૪ પ્રતિ ડોલરના ભાવે ટ્રેડ કરે તેવી શક્યતા છે.અર્થશાસ્ત્રીઓના મંતવ્ય મુજબ ભારતના કિસ્સામાં ઓછામાં ઓછા બોન્ડ અને રોકડ આધારિત પ્રવાહ ચાલુ રહેશે. આ અન્ય પરિબળોને સંતુલિત કરે છે અને ચાલુ ખાતું અમારી દ્રષ્ટિએ મોટાભાગે અનુકૂળ રહે છે. ચાલુ ખાતું જીડીપીના ૧ ટકાથી ઓછું છે. અંદાજ જીડીપીના ૦.૮ ટકા સુધીનો છે. આવી સ્થિતિમાં, અમે માનીએ છીએ કે



માળખાકીય દ્રષ્ટિકોણથી આ કારણો રૂપિયા માટે સકારાત્મક છે, તેમ છતાં ટૂંકા ગાળામાં કેટલાક પ્રતિકુળ પરિબળો છે. રિઝર્વ બેંક દ્વારા સમયસર હસ્તક્ષેપ એ સુનિશ્ચિત કરે છે કે ચલણનું અવમૂલ્યન ધીમે ધીમે થાય છે. ભારતીય ચલણ શુક્રવારે ૮૪.૦૯ના તળિયે પહોંચી ગયું હતું, જે સ્તરને રિઝર્વ બેંક લગભગ બે મહિનાથી સુરક્ષિત કરી રહી છે. ભૌગોલિક રાજકીય તણાવને કારણે રૂપિયામાં વધુ ઘટાડો થવાની સંભાવના છે. બ્રેન્ટ ક્રૂડ વધીને ૭૯.૧૮ ડોલર પ્રતિ બેરલ થઈ ગયું છે.

આ સતત બીજો સાપ્તાહિક વધારો છે. યુદ્ધ અને ઈરાનની તેલ સુવિધાઓ પર સંભવિત હુમલાને કારણે પુરવઠાના જોખમોથી આ તેજીને વેગ મળ્યો છે. બીજીતરફ, ચીનના ઉત્તેજક પગલાં અને શેરબજારોના વળતરને કારણે ભારતનો મૂડીપ્રવાહ દબાણ હેઠળ છે. એવું લાગે છે કે બીજા અર્ધવાર્ષિક ગાળામાં બેલેન્સ ઓફ પેમેન્ટ સરપ્લસ વધશે. યુએસ ફેડરલ રિઝર્વ દ્વારા દરમાં ઘટાડો મૂડી પ્રવાહ, એફડીઆઈને વેગ આપશે. અત્યારે પશ્ચિમ એશિયામાં ભૌગોલિક રાજકીય જોખમોને કારણે દબાણ છે.

રિઝર્વ બેંકનો હસ્તક્ષેપ પણ મદદ કરી રહ્યો છે. આપણી પાસે પર્યાપ્ત કરતાં વધુ વિદેશી મુદ્રા ભંડાર છે. ભારતમાં રેટ કટ સાઇકલ યુએસ કરતાં ધીમી રહેશે કારણ કે આપણો વિકાસ તુલનાત્મક રીતે મજબૂત છે.

આમ છતાં બજારનો એક વર્ગ માને છે કે વર્તમાન ક્વાર્ટરમાં સ્થાનિક ચલણ વધુ ઘટીને રૂ. ૮૪.૨૫ પ્રતિ ડોલર થઈ શકે છે કારણ કે આયાતકારો તરફથી ડોલરની મજબૂત માંગને કારણે રૂપિયો નબળો પડી શકે છે.

# જાન્યુઆરી અને જૂન વચ્ચે UPI દ્વારા થતા ટ્રાન્ઝેક્શનમાં બાવન ટકાનો વધારો

નવી દિલ્હીઃ ૨૦૨૪ ના પ્રથમ છ મહિનામાં દેશમાં ઈન્સ્ટન્ટ પેમેન્ટ સિસ્ટમ યુપીઆઈ દ્વારા વ્યવહારોની સંખ્યા વાર્ષિક ધોરણે ૫૨ ટકા વધીને ૭૮.૯૭ અબજ થઈ ગઈ છે. પેમેન્ટ ટેકનોલોજી સર્વિસ પ્રોવાઈડર 'વર્લ્ડલાઈન' એ એક રિપોર્ટમાં આ જાણકારી આપી હતી.




જાન્યુઆરી, ૨૦૨૩માં યુપીઆઈ ટ્રાન્ઝેક્શનની સંખ્યા ૮.૦૩ અબજ હતી, જે જૂન, ૨૦૨૪ સુધીમાં વધીને ૧૩.૯ અબજ થઈ ગઈ છે. ટ્રાન્ઝેક્શનની સંખ્યામાં આ વધારો ચુકવણી મૂલ્યમાં થયેલા વધારા સાથે પણ મેળ ખાય છે. જાન્યુઆરી, ૨૦૨૩માં, યુપીઆઈ દ્વારા ૧૨.૯૮ લાખ કરોડ રૂપિયાના વ્યવહારો થયા હતા, જે જૂન, ૨૦૨૪માં વધીને ૨૦.૦૭ લાખ કરોડ રૂપિયા થઈ ગયા હતા.

રિપોર્ટ અનુસાર, ગયા વર્ષના સમાન સમયગાળાની સરખામણીએ વર્ષ ૨૦૨૪ના પ્રથમ છ મહિનામાં યુપીઆઈ વ્યવહારોની સંખ્યામાં ૫૨ ટકાનો વધારો થયો છે.૨૦૨૩ના પ્રથમ છ મહિનામાં વ્યવહારોની સંખ્યા ૫૧.૯ અબજ હતી જે આ વર્ષના સમાન સમયગાળામાં વધીને ૭૮.૯૭ અબજ થઈ છે. આ સમયગાળા દરમિયાન યુપીઆઈ ટ્રાન્ઝેક્શનના મૂલ્યમાં ૪૦ ટકાનો વધારો થયો છે. તે રૂ. ૮૩.૧૬ લાખ કરોડથી વધીને રૂ. ૧૧૬.૬૩ લાખ કરોડ થયો છે.

વર્ષના પ્રથમ અર્ધવાર્ષિક ગાળામાં યુપીઆઈ વ્યવહારોની સરેરાશ ટિકિટ કદ (ટ્રાન્ઝેક્શન દીઠ મૂલ્ય)માં આઠ ટકાનો ઘટાડો જોવા મળ્યો હતો. ગયા વર્ષના પ્રથમ અર્ધવાષક ગાળામાં સરેરાશ ટિકિટનું કદ રૂ. ૧,૬૦૩ હતું


PayTouch
सब कुछ बस अेक टच से
paytouch.in
Presents
रास लीला
GARBA NIGHT
Bye - Bye Navratri
EVENT ORGANIZED BY MONIL SHAH
SONAM
GARBA
2024
Date : 14th October 2024 | Timings : 8 PM Onwards
:: Venue ::
Beside The Spire, Opp. RK Iconic,
Sheetal Park To Ayodhya Chowk Road,
150ft. Ring Road, Rajkot.
• COUPLE PASS ONLY ₹ 99/-
• NO STAG ENTRY • FREE FOR GIRLS & LADIES


7 ACRE OF GRANDIOSITY
IN THE HEART OF RAJKOT
SAPPHIRE
Skyline
Magnificent
4 BHK Flats & Penthouses
KALAVID
Project By
JMJ PROJECTS
Dream.Create.Inspire...
JS
GROUP
@ KALAWAD ROAD,
NEAR CRYSTAL MALL
Contact Us. 73000 60030 • 92746 11111

નો ફેવર, નો ફિઅર...

# સામના મિરર

Daily Morning Newspaper



ડિજિટલ ભારતની સાથે

તમે પણ બનો ડિજિટલ...



તમારા ધંધા-વેપારની

જાહેરાત 'સામના મિરર'માં



આપી આપના

વ્યવસાયને પહોંચાડો

લાખો વાંચકો સુધી...



મોબાઇલમાં નિયમિત સમાચારો મેળવવા

**વોટ્સએપ** પર

**Hi લખીને મોકલો**



**98983 17826**

અને જોડાઇ જાવ અમારી સાથે...

# લાઈફ ટાઈમ* ડિમેટ એકાઉન્ટ ફ્રી

AM TRADING

**ફ્રી એડવાઈઝરી**

- EQUITY STOCK
- IPO/SME IPO
- OPTION TRADING
- NIFTY BANK NIFTY
- COMODITY
- CURRANCY





દરરોજ ફ્રી માહિતી મેળવવા માટે આપેલ QR CODE SCAN કરીને જોઈન કરો.

**Mayuri Bagadai**
63555 17630
AM trading
am_trading71

Design by:- With Me Digital : 9537300305

SAPPHIRE GOLD

Project By
JMJ PROJECTS
Dream.Create.Inspire...
RAJKOT | MUMBAI | AHMEDABAD
jmjprojects.in

# સેફાયર છે ને.. !!
# શું કામ ન મળે સપનાનું ઘર...

| 2 BHK Flats | 3 BHK Flats |
| --- | --- |
| 618 Carpet | 824 Carpet |

એકવાર સેમ્પલ ફલેટ તો જુઓ, બીજું કંઈ નહીં ગમે...

@ Raiya Road, Opp. Tulsi Super Market, Rajkot

Contact : 94038 90004

RERA Reg. No.: PR/GJ/RAJKOT/RAJKOT/Others/MAA 12629/111123
Web : gujrera.gujarat.gov.in

# PROPERTY ZONE

(૧) મનહર પ્લોટ શેરી નંબર સાતમાં પાંચ ફ્લેટ એકીસાથે વેચવાના છે સામે ખેતીલાયક જમીન ચાલશે ૮૦.હજાર ભાડાની આવક સાથે સામે ખેતીની જમીન ચાલશે

(૨) રૈયા રોડ પર ૩૫૮ વાર જગ્યા વેચવાની છે દરેક ધંધાને અનુરૂપ રોડ ટચ

(૫) પંચવટી સોસાયટી ૩૦૫ વાર પ્લોટ વેચવાનો છે

(૬) પાંચ ફ્લેટ એકીસાથે વેચવાના છે ત્રણ બેડરૂમ હોલ કિચન લોકેશન સુભાષ નગર મેઈન રોડ

(૭) રૈયા રોડ આલા ગ્રીન સિટી પાસે ૨ બીએચકે નો ફ્લેટ વેચવાનો છે ૬૮૦ કાર્પેટ, લક્ઝરી ફર્નિચર સાથે સાતમો માળ

**રાજકોટના પોર્સ વિસ્તારમાં પ્રોપર્ટી લે-વેચ કરવા માટે અમારો સંપર્ક કરવો**

**મોબાઈલ નં. ૯૯૨૪૧ ૪૭૦૫૯ રમેશભાઈ વાગડીયા**

# તાત્કાલિક કસમાં ચાલુ વ્યવસાય સાથેનો શોરૂમ વેચવાનો છે

**કાલાવડ રોડ પરિમલ સ્કુલ ની સામે જયસીયારામ ટીસ્ટોલની બાજુમાં મોં. 98983 17826**



VS
GRAPHICS
આપના
ન્યુઝ પેપરને
આપીશુ એક
નવી ઉંચાઈ
મહેનત અમારી,
સફળતા તમારી
સચોટ માર્ગદર્શક
અદ્‌ભુત લે-આઉટ
અવનવી તસવીરો સાથે
M : 94097 57062